Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૧ • તા. ૨૩ મે થી ૨૯ મે ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## અનંતછાયા જિનાલયે અઢાર અભિષેક



## શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા આયોજીત ત્રણ કાર્યક્રમો

## વિદ્યાર્થીઓ માટે એપ્ટીટ્યુડ ટેસ્ટ



## તા. ૨/૫/૨૦૧૫ શનિવારે શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, ભાંડુપ મધે યોજવામાં આવેલ ૭૪ મો સમુહલગ્ન સમારોહ... ૭ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા.



અનંતનાથ દાદાને માળારોપણ કરતાં પ્રમુખશ્રી - કલ્પેશભાઈ મોતા



સામૈયા માટે સજ્જ વરરાજાઓ



સામૈયા માટે સજ્જ નવવધુઓ



સામૈયામાં જ્ઞાતિજનો ઉત્સાહી જ્ઞાતિજનો



પ્રમુખશ્રી સાથે મુંબઈ મહાજનની ટીમ તથા સમુહલગ્ન ની ટીમ



ભેટ-કીટ

# તા. ૨/૫/૨૦૧૫ શનિવારે શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, ભાંડુપ મધે યોજવામાં આવેલ.

## ૭૪ મો સમુહલગ્ન સમારોહ ૭ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા.



જીનેશ ધનરાજ મોતા - (સુથરી)
નેહલ હીરાવંતી દંડ - (લાલા)



અંકીત પરેશભાઈ લાપસીયા - (દલતુંગી)
વિધી કિરીટભાઈ જસાણી - (પાલડી)



રીતેશ રાજેન્દ્ર ધરમશી - (સેવક ભરૂડીયા)
માનસી બિપીન ગુઢકા - (નવાગામ-જામનગર)



મનન ભરત લોડાયા - (વારાપધર)
તેજાલી પંકજ લાલકા - (વારાપધર)



દિપેશ નવીનચંદ મૈશેરી - (લાલા)
ધરા વસંત મોમાયા - (વરાડીયા)



દિપેશ જયચંદ શિયાલ - (જખૌ)
કિંજલ મહેંદ્ર મૈશેરી - (લાલા)



મેહર વિજય લોડાયા - (નલિયા)
મહેક પ્રદીપ શાહ - (સુથરી)



કલ્પેશભાઈ, પૂર્વ પ્રમુખશ્રી ચીમનભાઈ મોતા
અને અન્ય મહાનુભાવો



અચલગચ્છ પ્રમુખ શ્રી શામજીભાઈ દંડ,
શ્રી મુકેશભાઈ મૈશેરી તથા શ્રી મણિકાંતભાઈ



સમુહલગ્ન માણતા શ્રી હેમાંગ ધરમશી
તથા અન્ય મહાનુભવો



શ્રી નીરંજનભાઈ મોમાયા, શ્રી વસંત વિકમશી,
શ્રીમતી માલતીબેન ધરમશી તથા મહાનુભવો



પ્રમુખશ્રી તથા અધિકારીગણ ભાંડુપ મહિલા મંચ
અને શ્રીમતી હીનાબેન મોતા




સમુહલગ્ન માણતા મહાનુભવો





સમુહલગ્ન બાદ ભોજનનો
સ્વાદ માણતા નવ-યુગલો



મુંબઈ મહાજનના પદાધિકારીઓ સાથે ભાંડુપ મહિલા મંચ



સ્વાગત કક્ષ

# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા આયોજીત ૭૪ મો સમુહલગ્ન સમારોહની ઝલક

## તા. ૨/૫/૨૦૧૫ શનિવારે શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, ભાંડુપ મધે યોજવામાં આવેલ. એમાં ૭ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા.

મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતા ના નેતૃત્વમાં સમુહલગ્ન સમિતિના કન્વીનર શ્રી અરવિંદ લોડાયા અને શ્રી ચિમનભાઈ નાગડા તથા સમિતિના અન્ય સભ્યોના સહયોગ અને સહકાર દ્વારા લગ્ન સમારોહ સુખરૂપ રીતે સફળતાપૂર્વક સંપન્ન થયેલ. વૈશાખ મહીનાની કાળઝાળ ગરમી અને ધોમધખતા તાપમાં પણ મહાજન શ્રી દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થા ઉડીને આંખે વળગે એવી હતી. ક્યાંય કોઈપણ પ્રકારની ગેરવ્યવસ્થા, અવગડ કે કચાશ દેખાઈ નહીં. A/c હૉલ થી કરીને પહેલા માળ સુધી બેસવા માટેની પૂરતી વ્યવસ્થા સાથે ભોજન કક્ષમાં પણ ધક્કા મુક્કી વગરનું શાંતિપૂર્વકનું વાતાવરણ વગેરે બાબતો નોંધપાત્ર હતી.

5 Star કેટરર્સ દ્વારા પીરસવામાં આવેલ મનભાવતા રસપુરીના ભોજન અને નયનરમ્ય સજાવટને લીધે સમારોહને ચાર ચાંદ લાગી ગયા. એમાં પણ સોનામાં સુગંધ ભળે તેમ એકજ ટહેલમાં આપણા ખમીરવંતા ખમતીઘર દાતાશ્રી પરિવારોનો પણ મહાજન ફંડ તેમજ નવદંપતિઓ માટે ભેટસોગાદો આપવા સારો એવો સાથ સહકાર અને પ્રતિસાદ મળ્યો એ બદલ મહાજનશ્રી દ્વારા ભાગ્યશાળી દાતા પરિવારોનો ખુબ ખુબ આભાર અને અનુમોદના.

સમારોહમાં જ્ઞાતિના અગ્રણી મહાનુભવોની હાજરી પણ નોંધપાત્ર હતી. શ્રી શામજીભાઈ દંડ, શ્રી ચીમનભાઈ મોતા, શ્રી ભુપેન્દ્રભાઈ દંડ, શ્રી નિરંજનભાઈ મોમાયા, શ્રી હેમાંગભાઈ ધરમશી, શ્રી ચેતનભાઈ મોતા, શ્રી કલ્પેશભાઈ ધરમશી, શ્રી સંજયભાઈ અજાણી, શ્રી વિજયભાઈ લોડાયા, શ્રી રાજેશભાઈ ધરમશી, શ્રી અશોકભાઈ દંડ અને શ્રી પ્રવિણભાઈ લાપસીયા તેમજ અન્ય મહાનુભાવો એ સમારોહમાં ઉપસ્થીત રહી નવદંપતિઓને આશિર્વાદ આપ્યા.

આ સાથે સમારોહમાં પધારેલ મહેમાનો અને જાનૈયાઓની સંપૂર્ણ સરભરા અને કાર્ય વ્યવસ્થા માટે અનંત મિત્ર મંડળ ભાંડુપ અને અનંત નારી શક્તિ ભાંડુપનો પણ નોંધનીય સહયોગ મળેલ.

### મહાજન ફંડમાં ફાળો લખાવનાર ભાગ્યશાળી દાતાશ્રીઓની નામાવલી નીચે મુજબ છે.

માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા (લાખણીયા-વડાલા)
માતુશ્રી સુશિલાબાઈ કાંતિલાલ ધરમશી (ભરૂડીયા-દાદર)
સંઘમાતા શ્રીમતિ કલ્પનાબેન શામજી નરશી દંડ (સાંઘવ-મુલુંડ)
માતુશ્રી વિજયાબાઈ ડુંગરશી લાપસિયા (દલતુંગી-મુલુંડ)
માતુશ્રી વેજબાઈ શામજી દંડ (ભરૂડીયા-મુલુંડ)
માતુશ્રી શાંતાબાઈ કિલાચંદ નાગડા (રંગપુર-બોરીવલી)
શ્રી મણીલાલ રાયચંદ લોડાયા (સાંયરા-સાયન)
માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (ભરૂડીયા-મુલુંડ)
માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા (વારપધર-વાપી)
એક સદગૃહસ્થ તરફથી
માતુશ્રી સોનબાઈ શામજી શિયાલ (દલતુંગી-ડોંબિવલી)
માતુશ્રી ધનબાઈ રામજી માણેકજી નાગડા (રંગપુર-વડાલા)
માતુશ્રી લલિતાબાઈ કેશવજી ધરમશી (રંગપુર-મુલુંડ)
માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા (આરીખાણા-મુલુંડ)
માતુશ્રી મોંઘીબાઈ લાલજી લાલકા (રંગપુર-ડોંબિવલી)
માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા (મો. ખાવડી-ઘાટકોપર)
માતુશ્રી હેમલતાબેન પ્રતાપ ગોવિંદજી લોડાયા (સુથરી-મુલુંડ)
માતુશ્રી રતનબેન કુંવરજી મોમાયા (વરાડીયા-ભાંડુપ)
શા. વસંત કરમશી વિકમશી (જખૌ)
માતુશ્રી પ્રેમિલાબેન મેઘજી મોતા (વારાપધર-મુલુંડ)
માતુશ્રી ધનબાઈ જેતશી ધરમશી (ભરૂડીયા-પાલીતાણા)
શા. કુંવરજી હરશી લોડાયા (રાપર-ભાંડુપ)
ગુણવંતીબેન દિનેશ લોડાયા (મંજલ-મુલુંડ)
શા. ચીમનલાલ મોતીલાલ લાપસિયા (રંગપુર-મુલુંડ)

સમારોહમાં સપ્તપદી દરમિયાન પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા, ઉપપ્રમુખ શ્રી હીરાલાલભાઈ ડાઘા, શ્રી લેરીનભાઈ ખોના તેમજ અન્ય પદાધિકારીઓની સાથે મહાનુભવોની હાજરીમાં કન્યાદાન કરી આશિર્વાદ આપી લગ્નનું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવેલ.

જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી સ્વ. રાયચંદ હંસરાજ ધમરશી (સુથરી-વરલી) તરફથી દરેક નવયુગલને ''સામાજીક સુરક્ષા યોજના''નો લાભ આપવામાં આવેલ.

સમારોહ દરમિયાન કન્યાદાન માં આવેલ રોકડ ભેટ રકમમાં વધારની ખૂટતી રકમ મહાજનશ્રી તરફથી પૂર્ણ કરી દરેક નવયુગલને રૂા. ૧૧,૦૦૦/- ની (શ્રી અરિહંત કો. ઓ. બેંકની) FDR કરી આપવામાં આવેલ.

આપણા મહાજનશ્રી દ્વારા છેલ્લા ૩૪ વરસથી સમુહ લગ્ન પ્રથા અવિરત પણે ચાલી રહી છે. એમાં પણ છેલ્લા ઘણાં જ વર્ષોથી ખરા અર્થમાં કન્યાદાનનો લાભ લેનારા ભાગ્યશાળી પરિવાર શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર (સાંધવ-દાદર)ને કેમ ભૂલી શકાય. એમના તરફથી કન્યાને **પાનેતર** અપાય છે. બધાને યાદ કરતી વખતે અજાણી પરિવારની પણ નોંધ લેવી હશે. એમના તરફથી માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી (કોઠારા) દરેક કન્યાને **નાકની નથળી** મળેલ છે. છેલ્લા ઘણાંજ વરસોથી સિનિયર ગ્રુપ ઓફ કંપની તરફથી દરેક નવયુગલોને **હનીમુન કીટ** ભેટ તરીકે અપાય છે. તેઓ પણ અનુમોદનીય છે. સાથે છેલ્લા પાંચ-છ વર્ષથી **સેન્ડવીચ ટોસ્ટર** શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ (સાંચરા-મુલુંડ) તરફથી ભેટ રૂપે મળતી રહેલ છે.

| | | |
|---|---|---|
| ક.દ.ઓ. મહાજન **ગરિમા ગ્રુપ** | - | **(સ્ટેનલેસ સ્ટીલ વાસણની સંપૂર્ણ કીટ) ૫૪ નંગ.** |
| શિવમ લોજીસ્ટીક રવિન્દ્ર (ગાંધીધામ) | - | **(ઈલે. ગ્રાઈન્ડર – બોસ)** |
| શ્રી આણંદજી હીરજી ખોના (સાંધવ-ગાંધીધામ) | - | **(ઈલે. મિક્સર – બોસ)** |
| માતુશ્રી વિજયાબાઈ ડુંગરશી લાપસિયા (દલતુંગી) | - | **(હાથ ઘડિયાળની જોડી)** |
| માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા (રાપરગઢ-ઘાટ.) | - | **(લેડીજ–જેન્ટસ ટૉવેલ)** |

દરેક નવયુગલને પૂજા માટે શુધ્ધ **ચાંદીની (થાળી–વાટકી) સેટ** આપનાર સહયોગી દાતાશ્રી ૧) હિરાચંદ વસનજી નાગડા (રાપર), ૨) હરેશ ખીમજી મોમાયા (સાંચરા), ૩) માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી મૈશેરી (મો. સિંધોડી), ૪) માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંચરા) અને ૫) શ્રી જીતેન્દ્ર હંસરાજ લોડાયા (વરાડીયા).

| | | |
|---|---|---|
| શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ | - | **(શુધ્ધ ચાંદીના સિક્કા – ૫૦ ગ્રામ)** |
| ૨૦૧૦-૨૦૧૫ ભુતપૂર્વ સમુહ લગ્ન સમિતિ | - | **(ઈલે. ઈસ્ત્રી)** |
| માતુશ્રી ધનબાઈ રામજી નાગડા (રંગપુર-ડોંબિવલી) | - | **(ડબલ બેડસીટ)** |
| એક ભાગ્યશાળી સદગૃહસ્થ | - | **(ધાર્મિક ઉપકરણ કીટ)** |
| હરીઓમ | - | **(ડીનર સેટ)** |
| એક સદગૃહસ્થ તરફથી | - | **(પાણીની સ્ટીલની ટાંકી)** |
| એક સદગૃહસ્થ તરફથી | - | **(ટ્રાવેલીંગ બેગ)** |
| શા. ખેતશી પદમશી મોતા (નલિયા-ઘાટકોપર) | - | **(પાણીના વોટર જગ)** |
| માતુશ્રી તારામતી લહેરચંદ નાગડા (નલિયા-ઘાટકોપર) | - | **(સ્ટીલનો થરમોસ)** |
| શ્રીમતી મિતા હીરેન દંડ (ભરૂડીયા-ઘાટકોપર) | - | **(ઢોસા તવા)** |
| માતુશ્રી સોનબાઈ દામજી લખમશી માલદે (દલતુંગી-ઘાટ.) | - | **(વેજ સ્લાઈઝર–વેજ કટર)** |
| માતુશ્રી નવલબેન જેતશી શિયાલ (દલતુંગી-ડોંબિવલી) | - | **(કોફી–બ્રેડ સેટ)** |
| માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા (દલતુંગી-મુલુંડ) | - | **(છ કાટાના ગ્લાસ સેટ)** |
| રાજેન્દ્ર પ્રવીણ ધરમશી (ભરૂડીયા) અને બિપીન મુલજી ગુઠકા (મુલુંડ) | - | **(ચાંદીની ૧૦ ગ્રામની ગીની)** |
| માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર (કોટડી મહા - ડોંબિ.) | - | **(સ્ટીલના ૨ ડબ્બા + 1/2 Kg ચાવલ)** |
| શ્રી ભરત લાલજી લોડાયા (વારાપધર) | - | **(મિક્સર)** |
| ગુણવંતીબેન ભોજરાજ નાગડા (રાપરગઢ-મુલુંડ) | - | **(ટ્રાવેલીંગ બેગ)** |
| શ્રી ચીમનભાઈ મેઘજી મોતા - તનમન ટુર્સ (વારાપધર-મુલુંડ) | - | **(ટ્રાવેલીંગ બેગ)** |

**...અને છેલ્લે સંપૂર્ણ સમારોહને સફળ બનાવવા સહયોગ આપનાર નામી–અનામી કાર્યકરો, જ્ઞાતિજનો, નવયુગલોના કુટુંબીજનોનો પણ મહાજનશ્રી દ્વારા ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. આગામી ૭૫ મો સમુહલગ્ન સમારોહ તા. ૨૦/૧૨/૨૦૧૫ ના રોજે હિરક જયંતી મહોત્સવ સમારોહ તરીકે ઉજવવામાં આવશે. સમસ્ત જ્ઞાતિજનોને નમ્ર નિવેદન કરવામાં આવે છે કે વધુમાં વધુ સંખ્યામાં સમુહલગ્નમાં જોડાઈને આ પ્રસંગને યાદગાર બનાવશોજી.**

ઉપરોક્ત માહિતીમાં શરતચુકથી કોઈના નામનો ઉલેખ ન થયો હોય તો ક્ષમ્ય ગણશોજી.

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 21/2015

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## મસ્જીદ બંદર વિસ્તારમાંની જ્ઞાતિ મિલકતોનું રીડેવલ્પમેન્ટ

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના નવા ટ્રસ્ટ બોર્ડે કામ શરૂ કરી દીધું છે અને તે જ્ઞાતિના મુંબઈમાં પ્રારંભિક - પરંપરાગત વસવાટ વાળા, અનંતનાથ જિનાલય જ્યાં આવેલી છે, તે મસ્જીદ બંદર વિસ્તારમાંની જ્ઞાતિની મિલકતોના રીડેવલપમેન્ટને અગ્રતા આપે છે. તેની જાણ પ્રકાશ સમીક્ષાના તાજેતરના એક અંકમા પ્રકાશિત થયેલ તે અંગેના નકશા અને માહિતી કોઠા પરથી થઈ.

સૌથી મહત્વની વાત એ છે કે ટ્રસ્ટ બોર્ડે મસ્જીદ બંદર વિસ્તારમાં જે કામ કરવાનો છે તેને સામાન્ય અર્થમાં રીડેવલપમેન્ટનું કામ ન કહી શકાય. સામાન્યરીતે રીડેવલપમેન્ટમાં માલિક કરતા વધુ ફાયદો ભાડુતો ને થતો હોય છે કેમકે સરકારે તળ મુંબઈ વિસ્તારમાંની ૮૦-૧૦૦ કે તેથી વધુ જુની અને જર્જરીત ઇમારતો તુટી ન પડે અને જાનમાલની હાની ન થાય એ વાતને કેન્દ્રમાં રાખીને પોતાની રીડેવલ્પમેન્ટ નીતિ ઘડી છે.

પ્રથમ દષ્ટિએ જોઈએ તો અનંતનાથજી ટ્રસ્ટને રીડેવલપમેન્ટ કરવાથી કોઈ દેખીતો ફાયદો ન થાય એવી છાપ ઊભી થાય છે કેમકે જો રીડેવલપમેન્ટ થાય તો ભાડુતોને માલિકોની હક મળી જાય અને તેઓ ધારે તો અન્ય જ્ઞાતિજનોને રહેણાક માટે કે કોઈ વ્યાપારી ધોરણે કામ કરનારને વેચી નાખે તો રીડેવલપમેન્ટ પછી ટ્રસ્ટ તેમને તેમ કરતા રોકી શકે તેમ નથી. આને કારણે રીડેવલપમેન્ટ કરવાથી તો કદાચ એ વિસ્તારમાં જ્ઞાતિની રહી સહી વસ્તી છે, તે પણ ચાલી જાય એવી શક્યતા છે.

હા ટ્રસ્ટજો ક્યાંકથી નાણા ઊભા કરીને પોતાની રીતે સરકારી નવા નિયમોનો લાભ લીધા વગર જો રીડેવલપમેન્ટ કરે તોજ ભાડુતોને આજની સ્થિતિમાં રાખીને જુની અને જર્જરીત થઈ ગયેલી પોતાની મિલકતોને વ્યવસ્થિત કરી શકે. આ બાબત મહત્વનો નીતિવિષયક નિર્ણય લેતા પહેલા ટ્રસ્ટ અને જ્ઞાતિએ એક વસ્તુનો ખાસ વિચાર કરવો રહ્યો કે જો આજ વિસ્તારમાંથી અન્ય કોઈ મિલકતમાંથી પૈસા ઊભા કરીને રીડેવલપમેન્ટ કે સાદા શબ્દોમાં કહીએ તો વર્તમાન મિલકતોનું નવેસરથી બાંધકામ શક્ય છે કે નહીં ?

આ સવાલનો જવાબ આપવા પહેલાં એક વધુ વાતનો વિચાર કરવો જરૂરી છે. અનંતનાથ જિનાલય પણ ઘણી બધી સાવ નાની નાની મિલકતોને ભેળવીને તેના અત્યારના સ્વરૂપમાં લાવવામાં આવ્યું છે. વળી ટ્રસ્ટને આવક થાય એ વસ્તુને ધ્યાનમાં રાખીને કુલ મિલકતોનો મોટો ભાગ કમર્શિયલ ભાડુતોને ભાડે અપાયો છે. જેનું આજે સાવ ન જેવું ભાડુ મળે છે, તેથી જ અત્યાર સુધીના ટ્રસ્ટ બોર્ડોએ આ મિલકતોના નવીનીકરણ અંગે ખાસ રસ લીધો નહીં.

આમ છતાં, હવે કરવા જેવી બાબત એ રહે છે કે કમર્શિયલ ભાડુતોને દેરાસર પાસેના પરિસરમાંથી દુર કરી, અનંત નિવાસ અને અનંત ભુવનમાં ખસેડવા તથા ત્યાં રહેતાં જ્ઞાતિજનોને તેમજ જ્ઞાતિ સંસ્થાઓને દેરાસર તરફ લઈ આવવી, જેણે કારણે જ્ઞાતિનું સમાજ જીવન સમૃધ્ધ થાય.

વધુમાં, શક્ય હોય તો ટાઉન પ્લાનીંગમાં સહયોગ માટે દાણાબંદર તરફ મળેલા, જેમાંથી ઘુસણખોરોને દુર કરવા માટે કેસ ચાલુ છે તેવા આશરે ૪૪૦૦ સે ચૌ.ફુ.ના પ્લોટની વધુ થી વધુ એફ.એસ.આઈ. દેરાસરજી પાસે જ્ઞાતિની વસતી વધારવા માટે મેળવવી.

આમ એકંદરે ભલે નાસીપાસ કરી દે તેવી પરિસ્થિતી હોય પણ જ્ઞાતિની તેના પરંપરાગત વસવાટના વિસ્તાર તથા અનંતનાથજી જિનાલય પ્રત્યેની ફરજ આપણને આ દિશામાં કંઈક કરવાની જરા જેટલી શક્યતા હોય તો તે કરી છુટવાનો આગ્રહ કરે છે.

જો ટ્રસ્ટે તેના મસ્જિદબંદર માં બધા ભાડુતોની જગ્યા નવેસરથી બાંધવી હોય તો તેને ૭૫૦૦૦ ચૌ.ફુ.નું કમર્શિયલ ભાડુતોના હાથમાંનુ તથા ૫૦૦૦૦ ચૌ.ફુ. જેટલું રહેનારના ભાડુતોનું બાંધકામ મળીને કુલે ૧૨૫૦૦૦ ચૌ.ફુ. જેટલું બાંધકામ નવેસરથી કરવું પડે. તેને માટે ચૌ.ફુ. ના રૂા. ૨૫૦૦ ભાવે આશરે ૩૨ કરોડ રૂપિયાની જરૂર પડે.

હવે કરોડ રૂપિયાનો સવાલ છે કે આ ૩૨ કરોડ રૂપિયા લાવવા ક્યાંથી ? શું અનંતછાયાના વેચાણમાંથી મળેલા તેના વ્યાજમાંથી મળેલા પૈસા અહીં ખર્ચવા?

**અમારી બેંક રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અન્ય નામે લખાયેલ ચેક સ્વીકારતી નથી માટે ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે જ લખવા**

લેખકનું માનવું છે કે અત્યારે જેમ ફિક્સ ડીપૉઝીટ કરી ઘટતા વ્યાજના જમાનામાં તેનું મુલ્ય ઘટાડતા જવું, એના કરતા તેને અન્ય રીતે ઉપયોગમાં લઈ તેમાંથી જ્ઞાતિ હિતના કામો કરવા સારા.... (અહીં એક વાત નોંધનીય છે કે બૉમ્બે રેન્ટ ઍક્ટ ની એક કલમ મકાન માલિકને તેને તેની મિલકતની જાળવણી માટે ખર્ચેલા પૈસા પર ચૌકકસ ટક્કે વ્યાજ લેવાની છુટ આપે છે.)

જો કે લેખક અનંતછાયાના અત્યારે મળેલા પૈસા મસ્જિદ બંદરમાં વાપરી નાખવાના પક્ષમાં નથી કેમકે તેમની દ્રષ્ટિએ જ્ઞાતિએ ગયા ખાતે માની લીધેલી બે મિલકતમાંથી આ નાણા મેળવવા માટેની ઉજળી શક્યતા છે.

આવી પહેલી વાત એ છે કે મસ્જિદ બંદર વિસ્તારમાં નરશી નાથા સ્ટ્રીટમાં જ ટ્રસ્ટની એક મિલકત એવી છે કે તે કોઈ ડેવલેપરને મામુલી લીઝ ભાડાથી ૯૯ વર્ષ માટે મોટો પ્લોટ લીઝપર અપાયેલ છે. તે ડેવલેપરે એ જમીનપર મકાન બાંધીને ઓનરશીપ ધોરણે વેચ્યું છે. ૯૯ વર્ષ ની લીઝ મુદત માંથી આશરે ૬૫ વર્ષ વીતી ગયા છે. વહેલા કે મોડા આ મિલકતમાં ઓનરશીપની ઓફીસો લેનારાઓને ટ્રસ્ટ પાસે લીઝ ની મુદત વધારવા કે પૂર્ણ માલિક થવા વધારની રક્કમ આપીને કન્વેયન્સ લેવા આવવુંજ પડશે. તેથી લીઝ પર ઓનરશીપ ધોરણે ઓફીસો લેનારાઓમાંથી સમજદાર લોકો અત્યારથીજ તેની જોગવાઈ કરવાની પસંદ કરવાના.

જો ટ્રસ્ટીઓ આ લીઝના પ્લોટ પર ઓનરશીપની ઓફીસો લેનારાઓની સોસાયટી સાથે વાત ચલાવે તો હાકારાત્મત પરિણામ આવે તેમ છે. કેમકે સિંગાપુર - હોંગકૉન્ગ ની જેમ કંઈ પણ વધુ એફ.એસ.આઈ આપવાની વાતો હવામાં છે. તે બિલ્ડીંગની સોસાયટી ને આમ પણ ૩૪ વર્ષ પછી ટ્રસ્ટને કબ્જો પાછો સોપવાનો જ છે. અને તેમને માટે મિલકત પોતાની પાસે જ રાખી રીડેવલપમેન્ટના લાભ લેવા હોય તો તેને માટે પૂર્ણ માલિકી હક્કો મેળવાનું તથા કન્વેયંન્સ મેળવાનું જ લાભકારી ઠરે.

આશરે ૪૦૦૦૦ ચૌ.ફુ. ની પાંચેક માળાની આ બિલ્ડીંગની સોસાયટી સાથે વધુ પૈસાની વાત ચલાવી ચૌ.ફુ.ના રૂા. ૫૦૦૦ પર સેટલમેન્ટ કરીએ તો રૂા. ૪૦ કરોડ હાથમાં આવે. જેમાંથી અનંતનાથ ટ્રસ્ટ ઉપરાંત અન્ય જ્ઞાતિ ટ્રસ્ટોની મિલકતો પણ નવેસરથી બાંધવાનો વિચાર કરી શકાય.

તેવીજ રીતે જ્ઞાતિએ ગયા ખાતે ગણી લીધેલી બીજી મિલકત આગલા ટ્રસ્ટ બોર્ડે વેચી નાખેલી અનંતછાયા છે. અલબત, અમુક કારણસર તેનું કન્વેયન્સ અપાયું નથી, તેથી એ જમીન ખરીદનાર ડેવલેપરને આજે નહીં તો કાલે ટ્રસ્ટના સહકારની જરૂર પડવાની છે. એ સહકાર આપવાની કિંમત તરીકે પણ ૩૨ કરોડ કે તેથી વધુ કિંમત મેળવી શકાય તેમ છે. આગાઉ જણાવ્યું તેમ તેમાંથી પણ મસ્જિદ બંદરની અનંતનાથજી ટ્રસ્ટની અને અન્ય ટ્રસ્ટોની મિલકતો નવેસરથી બાંધવાનો વિચાર કરી શકાય.

પ્રથમ દ્રષ્ટિએ આ વાત શેખચલીના વિચાર જેવી લાગે છે. પણ જો અનંતછાયા જેવી એક જમાનાની ખાડીમાની મિલકત ટ્રસ્ટની નં. ૧ મિલકત થઈ શકતી હોય તો આ બે મિલકતો ફળદાયી કેમ ન થઈ શકે.

આપણો અધિકાર કર્મ કરવાનો છે, ફળ તો કુદરતે આપવાનું છે. આશા રાખીએ કે જ્ઞાતિ અને ખાસ કરીને ટ્રસ્ટ બોર્ડ કર્મ કરવામાં પાછળ નહીંજ પડે.

- ચંદ્રસેન મોમાયા

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

## ૧લી મે થી (અંક નં. ૧૮ થી) જાહેરાતનાં દરો

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ


9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar

સંચાલિત - ''જીવન-સંધ્યા''

9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi


## તા. ૧-૧૧-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ સુધી આવેલ ફાળાઓ

### નવી વીંગમાં એક રૂમના દાતા ₹ ૧,૫૧,૦૦૦/-

- માતુશ્રી ખમાબેન ડાહ્યાભાઈ ખીમજી ધુલ્લા (મુંબઈ) સાંધાંણ, હ. શ્રીમતી સાધના ડાહ્યાભાઈ ધુલ્લા (મુંબઈ)
- શ્રીમતી હેમલતા મુલચંદ નાગડા, હ. મુલચંદ વિશનજી નાગડા તથા માતુશ્રી માકબાઈ વિશનજી નાગડા પરિવાર તેરા (મુંબઈ)
- સ્વ. કુમારી હંસા રતનશી લોડાયા, કોઠારા (મુંબઈ) હ. સૌ. દેવીકા સોમચંદ ભાણજી લાલકા, તેરા (અમલનેર)

### નિભાવ ફંડ

- ૩૦૫૦૦/- શ્રીમતી ભારતી હંસ ખીમજી ખોના, માટુંગા (તેરા) (LG Freeze)
- ૫૫૦૦/- શ્રી સોહનલાલજી આયુષકુમાર બોહરા, સીંધનુર
- ૫૦૦૦/- શ્રીમતી કુસુમબેન દિનેશભાઈ ધરમશી, સુથરી (બેલગામ)
- ૫૦૦૦/- સાધર્મીક બહેન, ગદગ, હ. સવિતાબેન
- ૩૫૦૦/- શ્રી ગુલાબચંદજી નરેન્દ્રકુમારજી પદમજી મહેતા, કોપ્પલ
- ૨૫૦૦/- શ્રીમતી રેખાદેવી ખુશાલચંદ પોલડીયા, બાયઠ (પાંચોરા)
- ૨૧૦૦/- શ્રી મનોજકુમારજી શીવજી ચનુજી બોહરા (બેંગલોર)
- ૧૧૦૦/- શ્રી ભંવરલાલજી માધુલાલજી જીરાવલ્લા, કોપ્પલ
- ૧૧૦૦/- શ્રી અશોકકુમાર વિજયકુમાર તલાલા કોપ્પલ

### વૈદકીય સહાય

- ૩૧૦૦૦/- શ્રીમતી સુશીલા હરિશ લોડાયા, કોઠારા (ગોવા)
- ૫૦૦૦/- શા જયચંદ નરશી લોડાયા પરિવાર, નલીયા (ચેમ્બુર-મુંબઈ)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન ₹ ૧૯૫૦૦/-

- શ્રીમતી સુશીલા હરિશ લોડાયા, કોઠારા (ગોવા)
- શ્રી હરિશ વિશનજી લોડાયા, કોઠારા (ગોવા)

### કાયમી મિષ્ટાન ભોજન ₹ ૧૦,૦૦૧/-

- કે.ડી.ઓ. લેડીસ ગ્રુપ અમદાવાદ, કિટી પાર્ટીની બહેનો
- શ્રી વિજયભાઈ આણંદજી નાગડા, જખૌ (કાંદીવલી) ની સ્મૃતિમાં હ. કેતન, અજય તથા ભાવેશ

### કાયમી સવારનો ચા નાસ્તો ₹ ૩૦૦૧/-

- શ્રી જયંતીલાલ હંસરાજ દેવજી ખોના, મોટી ખાવડી (મુંબઈ)
- શ્રીમતી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના, મોટી ખાવડી (મુંબઈ)
- શ્રીમતી કંચનબેન રમેશચન્દ્ર ખોના, મોટી ખાવડી (મુંબઈ)

### એક ટંક મિષ્ટાન્ન ભોજન આશ્રમવાસીઓ સાથે ₹ ૧૫૦૧/-

- શ્રી નરેન્દ્ર લાલજી લુઠીયા, રાયધણજર (કોઈમ્બતુર)
- શ્રી શરદભાઈ ધનજી મૈશેરી, મોટી સિંધોડી (વડોદરા)
- શ્રી સુધીર જવેરચંદ સોની, વાંકુ (ગદગ)
- શ્રીમતિ સ્મીતાબેન કે.અજાણી, કોઠારા (મુંબઈ)
- શ્રી ગૌતમ જસરાજજી બેતાલા, હુબલી
- શ્રી આનંદ મહાવીર જૈન, ગદગ

### ટ્રસ્ટને નિભાવ ફંડમા દાન આપવાની યોજનાઓ

| | | |
|---|---|---|
| પ્લેટીનમ સ્તંભ દાતા | ₹ | ૧૧,૦૦,૦૦૦/- |
| હિરક સ્તંભ દાતા | ₹ | ૫,૦૦,૦૦૦/- |
| સુવર્ણ સ્તંભ દાતા | ₹ | ૩,૦૦,૦૦૦/- |
| રજત સ્તંભ દાતા | ₹ | ૨,૦૦,૦૦૦/- |
| સહાયક સ્તંભ દાતા | ₹ | ૧,૦૦,૦૦૦/- |
| એક વ્યક્તિને કાયમ નિઃશુલ્ક દાખલ કરવા | ₹ | ૧,૦૦,૦૦૦/- |
| એક રૂમના પૂરા ફર્નીચર પેટે | ₹ | ૫૧,૦૦૦/- |
| કાયમી એક ટંક મિષ્ટાન્ન ભોજન | ₹ | ૧૦,૦૦૦/- |
| કાયમી એક ટંક સાદું ભોજન | ₹ | ૭,૫૦૦/- |
| કાયમી એક ટંક સાંજનું ભોજન | ₹ | ૫,૦૦૦/- |
| કાયમી એક ટંક સવારના ચા-નાસ્તો | ₹ | ૩,૦૦૦/- |
| કાયમી એક ટંક બપોરની ચા | ₹ | ૧,૫૦૦/- |
| એક વખત મિષ્ટાન્ન ભોજન | ₹ | ૧,૫૦૦/- |

| | | |
|---|---|---|
| આઠ રૂમની એક વીંગના દાતા | ₹ | ૧૧,૦૦,૦૦૦/- |
| સ્વાગત કક્ષ (રૂમ) નાં દાતા | ₹ | ૨,૫૦,૦૦૦/- |
| વીંગના એક રૂમના દાતા | ₹ | ૧,૫૦,૦૦૦/- |

કોઈપણ યાદગાર પ્રસંગે સંસ્થાના વડીલોને યાદ કરી ઉદાર દિલે ફાળો નોંધાવી માનવ સેવાના આ વિશાળ કાર્યમાં સાથ આપવા વિનંતી

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે**

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762
CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511
મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા - 098200 39469

# બા-નિરંતર ન્યારી વાટની યાત્રી

'માની કોઈ અંતિમ ઈચ્છા હતી ? આ સવાલ પૂછાયો ત્યારે સ્મૃતિને સારો એવો વ્યાયામ આપવો પડ્યો. ખૂબ ખાં-ખાં ખોળાં કર્યાં. મારા બા-બંધુબેન રમણીકભાઈ મેઘાણી-સાથે વિતાવેલા વર્ષા વાગોળ્યાં. પણ બાની અંતિમ તો શું, અમસ્તાં પણ ક્યારેક કરેલી કોઈ જ ઈચ્છા યાદ ન આવી. બાને કોઈ સાડી કે ઘરેણાંની ઇચ્છા કરતી તો દૂર, એના પ્રત્યે આકર્ષિત થતી પણ ભાગ્યે જ જોઈ છે. હકીકતમાં ઘરેણાં પહેરેલી તો બાને ક્યારેય જોઈ જ નથી. હા, કપડાંની પસંદગીમાં બાનો ટેસ્ટ એકદમ આગવો અને એસ્થેટિક. તે બાને અન્ય સ્ત્રીઓથી તદ્દન જુદી તારવી આપતો. ઘર માટે પણ બાપુજી પાસે આ કે તે વસ્તુની માંગણી કરતી બાને કદી સાંભળી નથી. જે હોય તેમાં ચલાવી લેવાની અને જે મળ્યું તેનો પરમ સંતોષ અનુભવવાની બાની જાણે પ્રકૃતિ હતી.




તો શું બા વૈરાગી હતી ? ના. રાગ તો તેને હતો પણ એ સદ્‌વાચન અને લેખન પ્રત્યે હતો, ગીત અને સંગીત પ્રત્યે હતો. તેના હૃદયમાં ઝંખના તો હતી પણ એ સ્વ માટેની નહીં, સંતાનો અને સ્વજનોના કલ્યાણની હતી. અને સમજણી થયા બાદ સમજાયું હતું કે બાની આ ખેવના તેના સંપર્કમાં આવનાર સૌ કોઈ માટે હતી, જાણ્યા-અજાણ્યા ને સૃષ્ટિના તમામ જીવો માટે હતી. વાંચવું, લખવું, ગાવું ને સંગીત સાંભળવું એ બાનો પરમ શોખ. તો લાગણી અને અનુકંપાથી છલોછલ હૃદય બાની મોંઘેરી મિલકત. આ મૂલ્યવાન મૂડીની મહેર બાના સંપર્કમાં આવનાર એકે એક વ્યક્તિ પર વરસતી. બાની આવી ઉર્મીશીલતાને કારણે જ અમારા કુટુંબના વાતાવરણમાં હંમેશા લાગણીનો હિલ્લોળ પ્રવર્તતો. અમારા મિત્રો, પાડોશીઓ, સગાં સંબંધીઓ તો ખરા જ, પણ તદ્દન અજાણ અને આગંતુક વ્યક્તિ પણ બાના નિર્વ્યાજ સ્નેહની વર્ષામાં ભીંજાઈ શકતી.

મને યાદ છે બ્યાંશી વર્ષે બાની એક બેનપણી થઈ હતી. એય પાછી ફોન ફ્રેંડ ! પેન ફ્રેન્ડઝ તો તેમનાં ઘણાં હતાં કેમકે બાની પાસે જેવું ઉર્મિસભર હૈયું હતું તેવી જ હૃદયસ્પર્શી અભિવ્યક્તિ હતી અને તે તેમની ડાયરીમાં અને પત્રોમાં ખળખળતી નદી-સી વહેતી. બાના અંતરનું વહાલ તેમની વાણીમાં પડઘાતું. પાછલી જિંદગીમાં બા બહાર જઈ શક્તી નહીં. પણ ટેલિફોન અને પત્રો દ્વારા એ સ્વજનો, મિત્રો ને સ્નેહીઓ સાથે સંપર્કમા રહેતી.

મારા મિત્ર અવંતિકા ગુણવંત પહેલી જ વાર બાને મળીને આવ્યાં ત્યારે તેમણે લખેલું, 'ખુબ જીવંત છે તમારા બા. બા થવામાં સંપૂર્ણ સફળ. ક્યાંક એક ક્ષણ માટેય વાણી, વર્તનથી જ નહીં, મનથી પણ ઊણાં નહીં ઊતર્યાં હોય. પ્રેમથી છલકાતું આવું હૃદય ઈશ્વરની દેન છે. તેમનું ધોધમાર હેત ભૂલાતું નથી. ખરેખર શરદબાબુની પાત્રસૃષ્ટિનું એક પાત્ર નીકળીને તમારા ઘરને શોભાવી રહ્યું છે જાણે !'

વહાલથી બધાને પોતાના કરી લેતી બા ભૌતિક લાલસા કે સ્થૂળ વસ્તુઓ માટેના આગ્રહોથી જોજનો દૂર હતી. અરે પોતે




**જય આશાપુરા મા નમઃ**

જય માતાજી, સહર્ષ જણાવવાનું કે **મોટી સિંઘોડી ગામના કુળદેવી મા આશાપુરા** ને નમતા સર્વે ભાવિકો અને ગામની નિયાણી બહેનોને નવરાત્રિમાં માતાના મઢે **પદયાત્રામાં જોડાવવાનું ભાવભર્યુ આમંત્રણ** છે.

આ યાત્રા **તા. ૧૭.૧૦.૨૦૧૫** થી મુંબઈ થી ભુજ તથા **તા. ૨૦.૧૦.૨૦૧૫** ના ભુજ થી મુંબઈ પરત આવવાનું રાખવામાં આવ્યું છે. સર્વે ભાવિકોએ તથા નિયાણી બહેનો એ **તા. ૧૦.૦૬.૨૦૧૫** સુધી નામ નોંધાવી લેવા. આ યાત્રા કાર્યક્રમ માટેના ચાર્જ રૂા. ૧૫૦૦/- રાખવામાં આવેલ છે.

**મા આશાપુરાની આઠમી પહેડી તા. ૨૫.૧૦.૨૦૧૫ ના દિવસે**

**ડોંબિવલી મુકામે ગોપી મોલમાં રાખેલ છે.**

**: સંપર્ક :**

| | | | |
|---|---|---|---|
| ભરત નરશી મૈશેરી | - ૦૮૦૯૭૧૩૧૩૬૮ | દર્શક ખુશાલ મૈશેરી | - ૦૯૮૨૫૧૬૬૪૫૩ |
| ચંદુલાલ દામજી મૈશેરી | - ૦૯૮૩૩૧૫૧૨૫૮ | ક્રીકેશ ઝવેરચંદ મૈશેરી | - ૦૯૫૯૪૭૦૪૯૩૧ |
| વિજય શીવજી મૈશેરી | - ૦૯૩૨૩૧૫૨૩૮૮ | પ્રફુલ દામજી મૈશેરી | - ૦૯૩૨૩૨૫૭૦૧૬ |
| રમેશ દેવશી મૈશેરી | - ૦૯૭૬૯૦૪૩૭૬૩ | હીરાચંદ કુંવરજી મૈશેરી | - ૦૯૩૦૨૫૨૪૭૫૭ |

**ભુઈમા ખમાવંતી ગુલાબ મૈશેરીના સર્વે ને જય માતાજી.**

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામિને નમઃ ||

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ**

**મોતા ફલિયા, નલિયા (તા. અબડાસા) કચ્છ, પીન ૩૭૦૬૫૫. ફોન : ૦૨૮૩૧-૨૨૨૨૧૫**

**સ્થાપિત અને સંચાલિત**

# શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન

મુંબઈ કાર્યાલય : ૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ૧લે માળે, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૧.

ફોન : (૦૨૨) ૨૫૨૦૭૮૪૬ / ૪૭. Email : kdonaliyatrust@gmail.com

જિનાલયથી માત્ર બે મિનીટના અંતરે, સંઘના યાત્રિકોને રહેવાની અધયતન સગવડ માટેનું માતબર સ્થાન, જ્યાં આપ રહેવા આવશો ત્યારે મળશે, નિર્મલ અને નૈસર્ગિક કુદરતી વાતવરણ અને આસપાસ શુધ્ધવાયુ લહેરીએ મંદ.. મંદ.. રણઝણતું સંગીત. કળા કંડારતા મોરો, તથા અન્ય પક્ષીઓનુ કલરવ અનુપમ નયનને ઠંડક આપતો નજારો, જેનાથી આપને આ સ્થળ છોડવાની ઈચ્છા નહીં થાય.

દરેક એરકન્ડીસન રૂમોમાં સ્વચ્છ, સુઘડ શયનકક્ષમાં બે બેડ, ડ્રેસિંગ રૂમ તથા સુવિધાજનક બાથરૂમમાં ચોવીસ કલાક ગરમ પાણીની સગવડ.

આતિથિભવનમાં ઊડીને આંખે વળગે તેવા વાતાવરણમાં સવારના ચહાની ચુસકી અને તાજા નાસ્તા સાથે માણો મજા, બપોરનું શુધ્ધ અને સાત્તવિક ભોજન અને સાંજના ચોવિહારની સુવિધાજનક ભોજન વ્યવસ્થા.

આપની મહેમાનગતિ માટે કર્મચારીઓનો રાત દિવસ સેવાનો લાભ. ગાડી પાર્કિંગ માટે વ્યવસ્થા.

આજુબાજુના ક્ષેત્રોમાં તથા નલિયામાં હરવા ફરવા અને જોવા તથા માણવાલાયક સ્થળોનું સમૃધ્ધ સમુહ, નૈસર્ગિક સર્જનરૂપ સ્થળો.

૧૭૫ વર્ષ પ્રાચીન સખાવતી શ્રેષ્ઠીવર્ય જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સ્થાપિત ભવ્ય જિનાલય, જે વતનીઓ તથા બહારગામના જૈન માટે દર્શન પૂજન અને આરાધનાનું આત્મશ્રેયી પરમ સુખધામ કહેવાય છે.

વિવિધલક્ષી હોલ તથા રસોડા સાથે આપનો કોઇપણ પ્રસંગ ઉજવવાનું એક અનુપમ સુવિધાજન્ય સ્થળ, જ્યાં આપના પ્રસંગને શોભાસ્પદ બનાવે તેવી મહેમાનગતિ, સંપુર્ણ સેવા પ્રાપ્તિનું માતબર સ્થાન છે.

**"અતિથિ દેવો ભવ"** ના સુત્રને સાર્થક કરતું અને શુધ્ધ તથા સાત્વિકતાનું સુપેરે આગ્રહી આ અતિથિભવનમાં આપ અવશ્ય પધારીને આપ સહુને પાવન પગલા કરવા અમારું **આંમત્રણ** છે.

**પર્યુષણપર્વની આરાધના કરવા પધારનાર ભાવિકો એ મુંબઈ ઓફીસે બુકીંગ કરાવવાની રહેશે.**

**સંપર્ક : વિજયભાઈ ખોના - ૦૨૨-૨૫૨૦૭૮૪૬ / ૦૯૮૨૧૦૨૭૮૭૪.**
**ચેતન ખોના - ૦૨૨-૨૮૭૬૧૮૯૪ / ૦૯૩૨૪૪૬૧૮૯૪.**

**વર્ષ દરમ્યાન પધારનાર યાત્રીકોની બુકીંગ બે મહીના પહેલા કરવામાં આવશે.**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ**
**ટ્રસ્ટીગણ**

જેના માટે પ્રાણ પાથર્યા હોય તેના તરફથી પણ પ્રતિભાવ કે પ્રતિસાદની અપેક્ષા એને નહોતી. ઈર્ષા કે માલિકીભાવ જેવી વૃત્તિ મેં કદી બાના વર્તન કે વ્યવહારમાં જોઈ નથી. અમારા છયે ભાઈ-બહેનો વચ્ચેના હેત અને લાગણી પર હંમેશા ભગવાનની કૃપા બની રહે તેની પ્રાર્થના બા કરતી. એ કહેતી બસ આવા જ એક માળાના મણકા થઈને રહેજો. આજે અમે એવા જ એક-બીજાના સુખ-દુઃખના અંતરંગ સાથી બની રહ્યાં છીએ તે બાની ઇચ્છાનો જ પ્રતાપ હશે.

બાના અંતિમ સમયે હું તેમની પાસે પહોંચી શકી નહોતી પણ તેના બે મહિના પહેલાં તેમની પાસે ગયેલી. ત્યારે બાની આંખોમાં અમને જોઈને દર વખતે ઉમટતી એવી ખુશી કે ઉત્તેજના નહોતી દેખાઈ. ખાસ બોલતા પણ નહોતાં. આમ છતાં શાંતિમા હોય, પોતાનામાં જ ઊંડા ઉતરી ગયા હોય તેવું લાગતું હતું. એ મુલાકાત દરમિયાન તેમના મનોજગતનો ચિતાર મળી શક્યો હતો. ઈશ્વર પ્રત્યે બાની ઊંડી અને અપાર શ્રદ્ધાનો તો ખ્યાલ હતો જ પણ એવી જ ઉત્કટ ઝંખના તેને પામવાની હતી અને તે માટેની તેની કેટલી સજ્જતા હતી તેની પ્રતીતિ આ પાનાં પરથી મળી.

'હવે જાત-તપાસ અને આત્મ નિરીક્ષણનો તબક્કો શરૂ થયો. લાંબા, પહોળા પટ્ટે પથરાયેલા જીવનના વિધ-વિધ ગાળાઓને સંકેલતા જ સાંજ પડી જશે ? રાત તો ક્યાં પૂરી થાય છે તેની ક્યાં ખબર જ પડે છે ? પ્રભાતે પ્રયાણની પળે તૈયારી પૂરી કરી લેવાની છે. છેલ્લી ઘડી ધાંધલ-ધમાલ મચાવવા ગમશે ?

જીવ, કઈ રીતે આ અનંત ઘટમાળમાં તારે પોતાને ભાગે આવેલું જીવતર જીવવું એ શીખવા-સમજવાની અને જોવા-અનુભવવાની તને ભરપૂર તકો મળી છે. પ્રસન્ન રહેવું અને પવિત્રતા વગર પ્રસન્નતા સંભવે ? ચિત્ત-મનના આંગણાંને હરદમ નિર્મળ રાખવા અને મલિનતા, હીનતા ને કષાયોના રજકણોથી બચાવવા સતત સફાઈ માટે સજ્જ રહેવું પડશે. મોટો ભાગનો પંથ તો કપાઈ ચૂક્યો છે. હવે જે પ્રદેશનો બાકી પ્રવાસ છે તેમાં જે છોડવાનું છે તે છોડીને અને સાથે રાખવાના સરંજામની જ માત્ર ખેવના જારી રાખવાની છે. નિરંતર ન્યારી વાટે વહેવું છે'.

પછી ૮મી ઑગસ્ટે લખે છે : 'ઈશ્વર સ્મરણ જ્યારે શરણ અને રટણરૂપ થઈ રહે છે ત્યારે અંતર્યામીના સહવાસનો સતત અનુભવ થાય છે. આત્મતત્ત્વની ચેતનાનો સાવ નાનકડો સૂર આવી અડાબીડ આંધી વીંધીને અંતરતમ ઊંડાણેથી ઉઠ્યો ને બંધુ જળાંહળાં થઈ ઊઠ્યું ! ચિત્તનું મણિમંદિર રણઝણી ઉઠયું ! ક્ષણભંગુર જીવતર રળિયાત થઈ ઊઠ્યું.'

૧૯મી નવેમ્બર, ૧૯૯૮ ના મારા પરના પત્રમાં લખેલું: 'હમણાં મારું બનાવેલું આ મુક્તક હૈયે ચડી ગયું. આખો દિવસ તેનું જ રટણ રહ્યું. પત્રમાં સંભળાવવાનું મન રોકી નથી શકતી.

ક્ષણ ક્ષણ ખૂટતું આયખું, કાળ અનાદિ અનંત,
તોયે આ મનવો ના બુઝે, ફેરા રહ્યો ફરંત.
ફરી ફરી મનખો ક્યાં મળે ? ક્યાં મળે આ ધર્મ ?
નમી, ખમી, વંદી લઈ, ઉકેલીએ એ મર્મ
અમુલખ અવસર આ મળ્યો, આવી અનુપમ વેળ
અહમ્ મમત સૌ છોડી દઈને, સાધી લઈએ મેળ.
પરમ કૃપાળુ પરમ સખા, પડતાંના ઝીલનાર
શરણાં તારા સાહી લઈને, ઊતરીએ ભવપાર.'

જીવનના આખરી વર્ષ સુધી બાએ લખેલાં પત્રો અને ડાયરીનાં પાનાં ઉથલાવતાં તેમની ભવપાર થવાની ઝંખનાં સ્પષ્ટ સંભળાઈ રહી.

બાના મનોજગતમાં ડોકિયું કરવાની તક મળી છે ત્યારે જે અનુભૂતિ થઈ તેને વ્યક્ત કરવા બાએ પોતાના મા-બાપુની સ્મૃતિ સંદર્ભ લખેલા શબ્દોનો જ આશરો લેવો રહ્યો :

યાદોનાં ફૂલ સુંધી મારું મનડું ઓળઘોળ,
યાદોના દિવડે આખું આયખું ઝાકમઝોળ.

**– તરુ કજારિયા** : 'પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર

## ડૉ. વી. કે. શાહ ને
# અભિનંદન



આપણા સમાજના પ્રતિષ્ઠિત કાર્ડીઓલૉજીસ્ટ **ડૉ. વી. કે. શાહ** પહેલાથી **શ્રીમતી એસ.આર. મહેતા (કીકાવા) હોસ્પિટલ**માં સેવા આપી રહ્યા છે. હવે તેઓ આધુનિક **એચ.એન. રિયાલન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ**માં પણ નિમાયા છે.

**તે બદલ તેમને ખુબ ખુબ અભિનંદન.**

ડૉક્ટર સાહેબ ખુબજ આગળ વધે અને
વધુ ને વધુ સફળતાના શિખરો સર કરે
એવી શુભેચ્છાઓ,

**– પ્રતાપ મુલજી ધરમશી**

કે.ડી.ઓ. પ્રતિષ્ઠિત કાર્ડીઓલૉજીસ્ટ **ડૉ. વી. કે. શાહ** એચ.એન. રિયાલન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં ડૉ. વી. કે. શાહનો મળવા નો સમય ૧૧ થી ૨, સોમવાર, બુધવાર અને શુક્રવાર છે. (6180 5830)

શ્રીમતી એસ.આર. મહેતા (કીકાવા) હોસ્પિટલમાં તેમનો મળવા નો સમય ૮.૩૦ થી ૧૧, સોમવાર, બધુવાર અને શુક્રવાર છે. (2403 5455)

ડૉ. વી. કે. શાહ એ અત્યાર સુધીમાં ૧૫૦૦૦થી વધુ એન્જીયોગ્રાફી કરી છે અને ૫૦૦૦ થી વધુ એન્જીયોપ્લાસ્ટી કરી છે. તેમણે વિવિધ સ્તરે એવૉર્ડ પ્રાપ્ત કર્યા છે અને એમણે બેસ્ટ કાર્ડીઓલૉજીસ્ટ તરીકે ગોલ્ડ મેડલ પણ મેળવ્યો છે. મોબાઈલ નંબર 98210 25338 છે.



# અવસર આનંદનો....

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)

## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**દ્વારા આયોજીત**

**દિકરીઓનો પ્રવેશોત્સવ** (તા. ૭/૬/૨૦૧૫) ની સાથે સાથે

**ધાર્મિક + જ્ઞાનવર્ધક + મનોરંજક શિબિર** (તા. ૮/૬/૨૦૧૫ અને તા. ૯/૬/૨૦૧૫)

**આ ત્રણ દિવસના સંપૂર્ણ કાર્યક્રમના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી સરોજબેન માણેકજી રૂપશી લોડાયા (ભાભાવાલા) પરિવાર**

વ્હાલા શિક્ષણપ્રેમી જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર, ફરી એકવાર આપણી આ સંસ્થાના આંગણે આનંદનો અવસર આવ્યો છે. આપણી વ્હાલી દિકરીઓ પોતાના ભણતરની સાથે જીવનના ઘડતરને આગળ ધપાવવા નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫ - ૧૬ માટે આપણા ગુરૂ ભગવંતો તથા પ. પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજી ના આશિર્વાદ અને પ. પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ. સા. આદિઠાણાની નિશ્રામાં કન્યાછાત્રાલયમાં પ્રવેશ લેવા પધારી રહી છે, ત્યારે ચાલો આપણે સૌ સાથે મળી આ અવસરને વધાવીએ, દિકરીઓને પ્રોત્સાહિત કરીએ અને એમના સફળ વર્ષ અને સુખી જીવન માટે આશિર્વાદ આપીએ.

આપણો આ પ્રવેશોત્સવનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

**રવિવાર, તા.: ૦૭/૦૬/૨૦૧૫**

| | | | |
|---|---|---|---|
| સવારે | ૭.૦૦ | કલાકે | પ. પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ. સા. આદિઠાણાનું પ્રવેશ |
| સવારે | ૭.૩૦ થી ૮.૩૦ | કલાકે | નવકારશી |
| સવારે | ૮.૩૦ થી ૯.૦૦ | કલાકે | માંગલિક તેમજ પધારેલા મહેમાનોનું સ્વાગત |
| સવારે | ૧૦ થી ૧૨ | કલાકે | દિકરીઓની પ્રવેશ પ્રક્રિયા |
| બપોરે | ૧૨.૩૦ થી ૨ | કલાકે | સાધર્મિક ભક્તિ |
| બપોરે | ૨.૩૦ થી ૪.૩૦ | કલાકે | મ. સા.નું વ્યાખ્યાન અને પ્રાસંગિક વક્તવ્ય |
| બપોરે | ૪.૩૦ થી ૫.૩૦ | કલાકે | જ્ઞાતિજનો, વાલીઓ, દિકરીઓ તેમજ સંસ્થાના પદાધિકારીઓની વિચારોની આપ - લે |
| સાંજે | ૫.૩૦ થી ૬.૩૦ | કલાકે | ચૌવિહાર |
| રાત્રે | ૭.૩૦ થી ૧૦ | કલાકે | શ્રી મહાકાળી માતાજીની ભાવના |

**સોમવાર, તા.: ૦૮/૦૬/૨૦૧૫ અને મંગળવાર, તા. ૦૯/૦૬/૨૦૧૫**

આ બન્ને દિવસોના પ. પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ. સા. ની નિશ્રામાં દિકરીઓ માટે તેમજ સમસ્ત ક. દ. ઓ. જ્ઞાતિની બહેનો - દિકરીઓ માટે એક ધાર્મિકસહ જ્ઞાનવર્ધક તેમજ મનોરંજક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. પ. પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ. સા. પોતાની આગવી અને લાક્ષણિક શૈલીમાં આ શિબિરમાં દિકરીઓને રમતા રમતા ધાર્મિક જ્ઞાન પુરૂ પાડશે. તેમજ પ્રખર વક્તા શ્રી દિવ્યકાંત પટેલ (કુતૂહલ કાકા) ''જેના જીવનમાં નથી શોખ એનુ જીવન ફોક'' વિષયપર તેમજ અલગ અલગ વિષયપર વક્તવ્ય આપશે જે દિકરીઓને ખૂબજ ઉપયોગી સાબિત થશે.

આ બે દિવસના શિબિરમાં જ્ઞાતિની દરેક બહેનો - દિકરીઓને પધારવા આમંત્રણ છે. શિબિરમાં પધારનાર દરેકની રહેવા તથા ખાવાપિવાની વ્યવસ્થા સંસ્થાદ્વારા કરવામાં આવશે. સૌને લાભ લેવા વિનંતી.

આ ત્રણ દિવસના કાર્યક્રમના આયોજનનો **સંપૂર્ણ લાભ માતુશ્રી સરોજબેન તથા પિતાશ્રી માણેકજી રૂપશી લોડાયા (ભાભાવાલા) પરિવાર હસ્તે અ. સૌ. જ્યોતિ સુનિલ લોડાયા (ગામ મોટીખાવડી, હાલ જામનગર)**દ્વારા તેમના માતા-પિતાના સફળ લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં ઉજવણી રૂપે લેવામાં આવેલ છે. તો આ પ્રસંગે સર્વ જ્ઞાતિજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

લિ. શ્રી ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ વતી
સંચાલકો તથા ટ્રસ્ટીગણ

# શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય : સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર – ૩૬૧૨૮૦**

**મુંબઇ મુખ્ય કાર્યાલય : ખુશ્બુ ડાયકેમ પ્રા. લિ., ગાલા નં. ૯૯, ન્યુ યુનિક ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ,**

**ડો. આર. પી. રોડ, જવાહર ચોકની સામે, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ – ૪૦૦ ૦૮૦ ફોન : ૨૫૯૩૯૬૯૬**

Email : sevakbharudiatrust@gmail.com Website : www.sevakbharudia.in


|| શ્રી શાંતિનાથાય નમઃ ||     || શ્રી આદિનાથાય નમઃ ||     || શ્રી શિતલ નાથાય નમઃ ||

શ્રી સંઘના સર્વે સભ્યોને જય જિનેન્દ્ર,

સહર્ષ સાથે જણાવવાનું કે પરમકૃપાળુ શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપાથી આપણા દેરાસરના વર્તમાન ટ્રસ્ટ બોર્ડની કાર્યકાળ સમય પૂર્ણ થયો, તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૫ આ પાંચ વર્ષ દરમ્યાન ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક કાર્યક્રમો સુંદર અને સફળ રીતે ઉજવાયા.

તા. ૨૨-૩-૨૦૧૫નાં નવા ટ્રસ્ટ બોર્ડની આગામી પાંચ વર્ષ માટે નિમણુક કરવામાં આવી જે નીચે મુજબ છે.

**(તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૩-૨૦૨૦ સુધી)**

| | | | |
|---|---|---|---|
| • શ્રી અશોક મણીલાલ દંડ<br>મો. : ૯૮૨૧૧૧૦૧૫૦ | પ્રમુખ | • શ્રી જયેશ જીવરાજ લોડાયા<br>મો. : ૮૮૭૬૫૭૫૦૮૦ | ઉપપ્રમુખ |
| • શ્રી રાજેશ કાંતિલાલ ધરમશી<br>મો. : ૯૮૨૦૦૩૬૧૦૫ | માનદ્‌મંત્રી | • શ્રી હિતેશ વિશનજી નાગડા<br>મો. : ૯૮૨૦૬૭૦૦૩૯ | સહ માનદમંત્રી |
| • શ્રી ચંદ્રેશ જયંતીલાલ દંડ<br>મો. : ૯૯૬૭૦૧૮૭૮૫ | ખજાનચી | • શ્રી દર્પણ નેમચંદ દંડ<br>મો. :૯૩૨૧૦૫૭૫૯૮ | સહ ખજાનચી |
| • શ્રી મનોજ કુંવરજી દંડ<br>મો. : ૯૮૨૧૩૩૪૪૧૭ | ટ્રસ્ટી | • શ્રી અમિત ગિરીશ દંડ<br>મો. :૯૯૮૭૫૫૭૫૯૮ | ટ્રસ્ટી |
| • શ્રી ભરત નરશી ખોના<br>મો. ૮૮૭૯૪૧૪૭૧૧ | ટ્રસ્ટી | • શ્રી વિમલ ગિરીશ દંડ<br>મો. : ૯૩૨૮૧૦૫૩૭૦ | ટ્રસ્ટી |
| • શ્રી કલ્પેશ અરવિંદ દંડ<br>મો. : ૮૧૪૦૮૧૧૮૭૨ | ટ્રસ્ટી | • શ્રી જયેશ કુંવરજી દંડ<br>મો. : ૯૮૨૫૬૫૦૫૧૫ | ટ્રસ્ટી |

• શ્રી વિશનજી જેતશી દંડને સલાહકાર તરીકે નિમવામાં આવેલ છે. - ૯૩૨૩૯૬૦૭૭૬

• **અષ્ટપ્રકારી પુજા :** દૈનિક અષ્ટપ્રકારી પૂજાના વાર્ષિક નકરામાં લાભ લેનાર ભાગ્યશાળી પરિવારના નામો જે દેરાસરમાં તા.૧-૪-૨૦૧૫ થી ૩૧-૩-૨૦૧૬ સુધી રહેશે જે નીચે પ્રમાણે છે.

૧) વાસક્ષેપ પૂજા : માતૃશ્રી વેજબાઇ શામજી જીવરાજ દંડ

૨) પક્ષાલ પૂજા : માતૃશ્રી તારાબેન કુંવરજી ખીમજી દંડ
હસ્તે : ઉન્નતી, સ્તુતી, પલક, કલ્પના મનોજ દંડ

૩) અંગલુછણા : માતૃશ્રી લીલાવંતીબેન જીવરાજ મેઘજી દંડ
હસ્તે : કંચનબેન ગિરીશ દંડ

૪) ચંદન/કેશર પુજા : માતૃશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ
હસ્તે : મહેન્દ્રભાઇ અશોકભાઇ, રાજેશભાઇ

૫) ફૂલ પૂજા : માતૃશ્રી લીલાવંતીબેન જીવરાજ મેઘજી દંડ
હસ્તે : અ. સૌ. ચંદનબેન નેમચંદ દંડ

૬) ધૂપ પૂજા : માતૃશ્રી સુશિલાબેન કાંતિલાલ ધરમશી
હસ્તે : ત્રિશા, પ્રથમ, મનિષા રાજેશ ધરમશી

૭) ઘૃત પુજા : શેઠશ્રી સોમચંદ ઠાકરશી ધરમશી

• **સર્વ સાધારણ ફંડ :** સાધારણ ફંડની અતી આવશ્યકતા હોવાથી તેમા ઉદાર દિલે ફાળો નોંધાવવા નમ્ર વિનંતી. રૂા. ૫૦૦૦ કે તેથી વધારે રકમ લખાવનાર દાતાઓના નામ ૧-૪-૨૦૧૫ થી ૩૧-૩-૨૦૧૬ સુધી દેરાસરમાં બોર્ડ ઉપર લખવામાં આવશે.

દાનવીર શેઠશ્રી સોમચંદ ઠાકરશી ધરમશી તરફથી સંઘને રૂા. ૫૧,૦૦૦/- સર્વ સાધારણ ફંડમાં લખાવેલ છે. શ્રી સંઘ એમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

## ચાતુર્માસ પ્રવેશ

આપણા સંઘના પરમ ઉપકારી પ. પૂ. સાધ્વીવર્યશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. દેવરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. વ્રતરક્ષિતાશ્રીજી મ. સા. નું ચાતુર્માસ પ્રવેશ દ્વિતીય અષાઢ સુદ દસમ શનિવાર તા. ૨૫/૭/૨૦૧૫ના શુભ સવારે ડાયમંડ સિટી સુરત નગરે નિર્ધારેલ છે. આ મંગલ પ્રસંગે આપ સર્વેને પધારવા આદરભર્યુ આમંત્રણ છે.

આપણાં ગામ માટે ખાસ આનંદની વાત છે કે શ્રી પ. પુ. સાધ્વી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ. સા. નું આ ૨૫ મું (રજત) ચાતુર્માસ છે. આ પ્રસંગે સંઘના સર્વે સભ્યો તથા ગામની નિયાણી બહેન દિકરીઓને પધારવા આમંત્રણ છે. મોટી સંખ્યામાં હાજર રહીએ એ આપણી ફરજ છે.

## પર્યુષણ પર્વની ઉજવણી

સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષ પણ પર્વાધિરાજ પર્વ પર્યુષણ પર્વને ઉમંગથી ઉજવવાનું આયોજન કરેલ છે. આ પાવન પ્રસંગે સર્વ ગામવાસી તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા નેહભીના આમંત્રણ આપીએ છીએ.

પર્યુષણ પર્વની શુભ શરુઆત શ્રાવણ વદ તેરસને શુક્રવાર તા. ૧૧-૯-૨૦૧૫થી ભાદરવા સુદ છઠ્ઠને શનિવાર તા. ૧૯-૯-૨૦૧૫ના પૂર્ણાહૂતી થશે. આ પ્રસંગે થતા સાધારણ ખર્ચ ને પહોંચી વળવા નીચે મુજબના નકરા રાખેલ છે. જેમાં આપ વ્યક્તિગત તેમજ ગ્રુપમાં નામ લખાવી લાભ લઇ શકશો.

## પર્વમાં દૈનિક નકરા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | સવારના નવકારશી | રૂા. ૩,૦૦૦/- | ૨) | બપોરનું જમણ - | રૂા. ૭,૫૦૦/- |
| ૩) | બપોરના ચા-પાણી | રૂા. ૧,૫૦૦/- | ૪) | ચૌવિયારના | રૂા. ૫,૦૦૦/- |

આખા દિવસની સાધર્મિક ભક્તિનો કુલ નકરો રૂા. ૧૫,૦૦૦/- રહેશે. તેમજ છઠ્ઠનું બપોરનું સ્વામીવાત્સલ્ય તા. ૧૯/૯/૨૦૧૫ ને શનિવારના રાખેલ છે. જેનો નક્કરો રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. તો સાધર્મિક ભક્તિમાં લાભ લઇ ''તમારા પુણ્યનું ભાતુ અવશ્ય બાંધજો''. પર્યુષણ પર્વ દરમ્યાન જે પણ ભાગ્યશાળીને પ્રભાવના અને સાધર્મિક ભક્તિ કરવાની ઇચ્છા હોય તો તેમણે તા. ૩૦-૭-૨૦૧૫ સુધી મુંબઇ કાર્યાલયમાં જાણ કરવી.

આ પ્રસંગે સંઘ દ્વારા તા. ૧૦.૦૯.૨૦૧૫ના સાંજ થી તા. ૧૯.૦૯.૨૦૧૫ના સાંજ સુધી જમવા તથા રહેવાની સગવડ કરવામાં આવેલ છે. બહારગામ તથા મુંબઇથી આવનાર ભાગ્યશાળી એ તા. ૩૦-૭-૨૦૧૫ સુધી મુંબઇ કાર્યાલયમાં જાણ કરવા વિનંતી.

- પાઠશાળા : અત્યંત ખુશાલી સાથે જણાવવાનું કે આપણાં ગામમાં દેરાસર સંકુલમાં પાઠશાળા શરૂ કરવામાં આવેલ છે. જેમનું સંચાલન શ્રીમતી દિવ્યાબેન વિશનજી નાગડા કરે છે. આશરે ૧૫ થી ૨૦ બાળકો એનો લાભ લઇ રહ્યા છે. આ બાળકોને દર રવિવારે પ્રભાવના આપવાનું ટ્રસ્ટ બોર્ડ નક્કી કરેલ છે. જેનો નકરો મહીનાનો રૂા. ૨,૦૦૦/- રાખેલ છે. ઇચ્છુક ભાગ્યશાળી પરિવારે લાભ લેવા મુંબઇ કાર્યાલય તથા ટ્રસ્ટ બોર્ડના કોઇપણ ટ્રસ્ટીનો સંપર્ક કરવા વિનંતી.

## અનુમોદના..... આભાર.....

હાલમાં આપણાં ગામમાં ગાયો માટે ઘાસચારા માટે ફંડ ઉઘરાવવામાં આવેલ જેમાં ગામવાસીઓએ ઉદાર દિલે ફાળો લખાવેલ છે એ બદલ સંઘ સર્વ દાતા પરિવારને ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે. હજી પણ આ ફંડમાં ફાળો આવકારવામાં આવે છે.

નમ્ર નિવેદન : પર્યુષણ મહાપર્વ ને સુંદર રીતે ઉજવવા આપ સૌ તન-મન-ધનથી સાથ સહકાર આપવા વિનંતી.

લિ.



**શ્રી. ક. દ. ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી**



પ્રમુખ તથા ટ્રસ્ટીગણ

# વસતીપત્રક - વેબસાઇટ - વપરાશ

નવીન પટેલ, વડોદરા.

જ્ઞાતિ વસતીપત્રકની વેબસાઇટ શરૂ થયા બાદ તેના માટે કરવામાં આવતી ટીપ્પણીઓ આ વેબસાઇટની ખૂટતી કડીઓ બાબત જ હતી. એ બાબતે આ વસતીપત્રક સાથે સંકળાયેલ વ્યક્તિઓ પુરતું ધ્યાન આપી સુધારા વધારા કરવાનો અભિગમ અપનાવે તો આપણી વેબસાઇટ અતિ ઉપયોગી સામિત થાય તેમ છે.

આપણી પાસે પ્રિન્ટેડ વસતીપત્રક આવશે તેવી શક્યતાઓ સમયની સાથોસાથ ખૂબ જ ઓછી થતી જાય છે. આના માટે ઘણા કારણો જવાબદાર છે. ત્યારે હાલની વેબસાઇટમાં જે કાંઇ ખૂટે છે તેને પરિપૂર્ણ કરીને વસતીપત્રકની વેબસાઇટને એક એવું સાધન બનાવીએ જે પ્રિન્ટેડ વસતીપત્રકની જેમ જ કામ લાગે.

આ બાબતે થોડાક મુદ્દાઓ સામે આવે છે જેમાંના કેટલાક પ્રશ્નોનાં જવાબ તો આપણી પાસે જ છે. આ મુદ્દાઓ અત્રે પ્રસ્તુત છે.

૧. આપણે ભરેલા વસતીપત્રકનાં ફોર્મમાં આપણાં વડીલોની માહિતિમાં મહિલાઓની માહિતિ લેવામાં જ નહોતી આવી. દા.ત. દાદીમાનું નામ, નાનીમાનું નામ, દાદાની દીકરીઓનાં નામ વિ. આમાં ય ખાસ કરીને જેઓ હયાત નથી તેઓ કુટુંબનો જ એક ભાગ હોવા છતાં તેમનાં નામ સુધ્ધાં નથી નોંધાયા. આને કારણે ઘણાં કુટુંબો મોસાળ સાથે જોડાઇ શકાતા નથી. દા.ત. વસતીપત્રક પાસે એ માહિતિ નથી કે તમારા ફોઇ જે હયાત નથી એ કોના દિકરી છે. તમારા ફોઇના દિકરાએ (કે તમે પણ) એ વાતની માહિતિ વસતીપત્રકમાં આપેલ જ નથી કે તમારા માતાનું નામ શું છે કે એ કોનાં દિકરી હતા ? આને કારણે તમરા એ કુટુંબ સાથેના સંબંધો મામા-ફોઇનાં બદલે કાંઇક અલગ જ દેખાતા હશે.

આવી જ રીતે તમારા પરદાદા (૨-૩ પેઢી)ની માહિતિ વસતીપત્રકમાં કદાચ ભરાયેલ હશે પરંતુ એમના વંશજો વીશે કોઇ પાકી માહિતિ વસતીપત્રક પાસે નથી તેને કારણે પણ કુટુંબો 'લિન્ક' થતા નથી. આના ઉદાહરણ તરીકે મારું નામ નવીન હીરાચંદ કરમશી લધાભાઇ નાગડા છે, મારા પિત્રાઇ વિક્રમ દેવજી ભવાનજી લધાભાઇ નાગડા છે. હવે વસતીપત્રકના ડેટાબેઝમાં આ બંન્ને લધાભાઇ એક જ વ્યક્તિ છે તે જણાવવું જરૂરી છે, તો જ આ બંન્ને કુટુંબો 'લિન્ક' થઇ શકશે.

આ ફેરફારોની માહિતિ વેબસાઇટ ઉપરનાં આપનાં પ્રોફાઇલ પેજ પરથી જ સુધારા માટે મોકલી શકાય છે.

૨. આપણાં કુટુંબમાં સરનામા, લગ્ન, મરણ, જન્મ, વ્યવસાય, ફોન નંબરો, પ્રોફાઇલ ફોટા વિ.વિ. ફેરફારોની માહિતિ વસતીપત્રક પર મળી રહે તે માટે તમારે ક્યાંય જવાની જરૂર નથી. માત્ર તમારા સ્માર્ટ ફોન પર કે વસતીપત્રકની વેબસાઇટ પર જાણ કરો તો તમારી માહિતિ અપડેટ થઇ જશે. આમ પણ આ બધા ફેરફારો થાય છે ત્યારે આપણે સગાવહાલાં, સંબંધિત વ્યક્તિઓને જાણ નથી કરતા ? તો એક જણ વધારે...

૩. વસતીપત્રકનો મુખ્ય ઉદેશ જ્ઞાતિની અમુક જાણકારી બધાને મળે તે હોય છે. આમાં નામ, સરનામા, ફોન નંબરો સૌથી અગત્યનાં છે. વસતીપત્રકની વેબસાઇટ પર ઘણી બધી સીક્યુરીટી ચેકીંગ કર્યા બાદ જ લોગ ઇન કરવાની છુટ મળે છે. આ વેબસાઇટ પર કે.ડી.ઓ. સિવાયનાં આવી શકતા નથી જે એક ખૂબ સારી વાત છે. હવે તકલીફ એ છે કે બધાનાં નામ, સરનામા, ફોન નંબરો મળી શકતા નથી. આના માટે આપણે ભરેલ ફોર્મ જવાબદાર છે. વેબસાઇટ પર આ બધાની સામે પ્રાઇવેટ લખાયેલ એટલે સમજવું કે આપણે ફોર્મ ભરતી વખતે એ મુજબ જણાવેલ હશે. ત્યારે કદાચ આ બાબતે આપણને શંકા હતી પરંતુ હવે આ ત્રણ વસ્તુમાંથી 'પ્રાઇવેટ' હટાવી ને એને 'પબ્લીક' કરવાથી આ માહિતિ વેબસાઇટ પર ઉપલબ્ધ થાય તો સાઇટની ઉપયોગીતા વધશે.

૪. આ વસતીપત્રક બાબતે થતું આવતું કાર્ય ૧૦૦% સંપૂણ જ છે તેવી માન્યતા કેટલાક મહાનુભાવો ધરાવે છે. તેને કારણે ફોર્મ ભરતી વખતે થયેલ ભૂલોને કબુલવા પણ તૈયાર નથી. હાલમાં જરૂરત એ છે કે આ વેબસાઇટને વ્યક્તિગત રીતે કેમ અપડેટ કરી શકાય તેની માહિતિ જ્ઞાતિ સુધી પહોંચાડવી. આના માટે સ્થાનિક મહાજનોની સાથે કોર્ડીનેશન કરી વર્કશોપનું આયોજન પણ કરી શકાય.

આપ આપના અપડેશન વસતીપત્રકની વેબસાઇટ પર ડાયરેક્ટ કરી શકો છો. આપના પ્રોફાઇલનાં પેજ પર **Submit A Change Request For Any Change In Profile** લખેલું આવે છે તેના પર **click** કરવાથી આગળ જતાં આપની માહિતિનું અપડેશન મોકલી શકાય છે. જે થોડાક સમયમાં અપડેટ થઇ જાય છે.

વસતિપત્રકની વેબસાઇટને ૧૦૦% સંપૂર્ણ બનાવવા માટે પ્રયત્નશીલ થવું જોઇએ. એની સાથોસાથ હવે વસતિપત્રકને પુસ્તકરૂપે પ્રગટ કરવાના વિચારને તિલાંજલી આપી વેબસાઇટ પર ધ્યાન આપી એને અપડેટ કેમ રાખી શકાય તે માટેના ખર્ચની વ્યવસ્થા કરવી જોઇએ. હાલમાં આપણી નાતમાં ઘણાં લોકો આ ધંધામાં છે. જો કોઇ એક વર્ષ માટે અપડેશન કરવાની જવાબદારી લે તો આવતા પચીસેક વર્ષનાં દાતા મળી રહે. વેબસાઇટ બનાવવાનો ખર્ચ, હાલમાં ચાલુ એસ.એમ.એસ. સેવામાં લેવાતી જાહેરાતની આવક આ બધામાં પારદર્શીતાની જરૂરત છે.



**અભિનંદન**
**ડૉ. દર્શના રાજેન્દ્રકુમાર લાપસીયા (દેસાઇ)**
સાંયરા - રાયચુર
B.H.M.S. માં 65.23% સાથે
કોલેજમાં IInd રેન્ક


દેરાસરજી ની વ્યવસ્થાની સંપુર્ણ જાણકારી રાખનાર મહેતાજી અને પુજારી જોઈએ છે. શ્રી ક.દ.ઓ. ને પ્રાથમિકતા

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન**
૧૦૯, કંચગાર ઓણી, હુબલી - ૫૮૦ ૦૨૦.
ફોન : **9844158203 / 94481 16002**

## પ.પૂ. જયદર્શિતાજી મ.સા. ઠાણા ૨ નું ચાતુર્માસ દેવલાલીમાં

પ.પૂ. જયદર્શિતાજી મ.સા. ઠાણા ૨ નું ચાતુર્માસ દેવલાલી નક્કી થયેલ છે. એમનો પ્રવેશ આષાઢ સુદ ૩ શનિવાર, તા. ૨૨ જુલાઈ ૨૦૧૫ ના સવારના થશે. ચાતુર્માસ પ્રવેશ શ્રી નરેન્દ્રભાઈ મુલજીભાઈ શાહના સાવલા કોમ્પલેક્ષ સોસાયટીના બંનલા નંબર એ/૩ થી થશે.

## પાસ થયા અભિનંદન



**ખુશબુ જીતેન હિરાચંદ નાગડા**
નલીયા - ભાંડુપ
**97.16%**
10 ICSE



**જય મહેન્દ્ર શાહ (જીવાણી)**
**93.80%**
10 ICSE



**ભક્તિ રાકેશ નાગડા**
**82% A-Rank**
Intermediate II year



**ધ્વની મનીષ નાગડા**
**79%**
Intermediate II year

## પાસ થયાના સમાચાર મોકલો : પરિણામો મોકલો.

શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.

### શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબાઈમાં ટ્રસ્ટ, તેરા ક.દ.ઓ. મોતા પરિવારજનો જોગ શૈક્ષણિક સહાય યોજના

દર વરસની જેમ આ વર્ષે પણ મોતા પરિવારના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવશે. વાલીઓએ નીચે જણાવેલ સરનામેથી ફોર્મ મેળવી, માંગેલ વિગત ભરીને એવં ગત પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ કોપી સહિત તા. ૩૦.૬.૨૦૧૫ સુધીમાં અરજી જમા કરાવવા ભલામણ છે.

**તન મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧લે માળે, ભુજબળ નિવાસ, જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૮૦.**
લી. ટ્રસ્ટીઓ ના જય માતાજી

### ભૂલ સુધાર પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૦

• છેલ્લા પાને સુથરી ધ્વજાની ફોર કલર જાહેર ખબરના હેડીંગમાં ૧૭૬મી ધ્વજાના બદલે ૧૧૬મી ધ્વજા એમ છપાવ્યું છે તે બદ્દલ દિલગીર છે.

• શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન- વરાડીયાની જાહેર ખબરમાં પર્યુષણની તારીખો : શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ ૬ શુક્રવાર, તા. ૧૧-૦૯-૨૦૧૫ થી શનિવાર, તા. ૧૯-૦૯-૨૦૧૫ સુધીના બદલે ૧૪-૯-૨૦૧૫ સુધી છપાયું છે તે સુધારીને વાંચવું.

Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

# પ્રકાશ સમીક્ષાના મોકલાવેલા અંક ઓફિસને પાછા મળ્યા તેની યાદી

દરેક સમાયિકને અપેક્ષો હોય કે પોતે જેમને અંક મોકલ્યા છે, તેમને અંક પહોંચે પણ કેટલાક કારણોસર તેમ થતું નથી. તે માટે બન્ને પક્ષે મેગેઝીને અને જ્ઞાતિજનો એ બંન્નેએ સતર્ક રહી ઉકેલ શોધવો રહ્યો.

આવા એક ઉકેલ રૂપે છેલ્લા સમયમાં જેમના અંકે ઓફિસ પર પાછા આવ્યા હોય તેમની યાદી રજૂ કરીએ છીએ. જેથી તેઓ તેમની પરિચિતોના સાથ સહકારથી તેમને અંક મોકલાય છે એ જાણી પોસ્ટમાં તપાસ કરી શકે. – **વ્યવસ્થાપક**

**વડાલા**
મુલચંદ એલ. નાગડા
હીરાચંદ આર. નાગડા
પ્રતાપ એમ. લોડાયા
નવીનચંદ્ર આર. લોડાયા
દમયંતી એસ. ધરમશી
ચંપાબેન બી. ગોસર

**બોરીવલી**
મુલજી આર. મૈશેરી

**ચેંબુર**
જયાબેન આર. દેઢીયા

**ઘાટકોપર**
વિમલેશ ડી. ધરમશી
ચેતન એસ. લોડાયા

**ભાંડુપ**
ધીરેન્દ્ર સી. નાગડા
ભાનુમતી આર. લોડાયા
વિજયાબેન એલ. ગોસર
ગૌતમ પી. લોડાયા

**મુલુંડ**
હેમંત પી. લોડાયા

**થાણા**
હેમંત જે. મોમાયા
મુરજી એન. મૈશેરી
હરીશ એચ. ધરમશી

**ડોંબિવલી**
માણેકજી કે. ડાઘા
નરેશ કે. ડાઘા

**ડોંબિવલી**
નરેન્દ્ર એચ. ખોના
દિપેશ એન. મૈશેરી
ચંદુલાલ એલ. ડાઘા
રતીલાલ ડી. દંડ
સંજય જે. લોડાયા

**ગુજરાત**
વિજયાબેન સી. શાહ – આણંદ
શામજી બી. મોમાયા – અમદાવાદ
રમેશ બી. મૈશેરી – અમદાવાદ
લક્ષ્મીચંદ ડી. દંડ – અમદાવાદ
ખીમજી એ. લોડાયા – અમદાવાદ
રાહુલ સી. લોડાયા – અમદાવાદ
દીલીપ પી. મૈશેરી – અમદાવાદ

**કચ્છ**
પંકજ ડી. પટેલ – મુંદ્રા
કાંતિલાલ ટી. પોલડીયા – કોડાય
ડૉ. તરલા મૈશેરી – ભુજ

**મહારાષ્ટ્ર**
ચંદ્રકાંત પોલડીયા – નાગપુર
વિજય એલ. નાગડા – અમરાવતી
મણિલાલ કે. લોડાયા – આકોલા
પંકજ કે. શાહ – ચાલીસગામ
રતીલાલ એન. છેડા – સોલાપુર
ઉપેન્દ્ર ડી. દંડ – સોલાપુર
નરેશ આઈ. લોડાયા – નાસીક
દુષ્યંત આર. મોતા – પુના

## વડોદરાના ક.દ.ઓ. કાર્યકરની મેડિકલ સર્જરી : નાણાકિય સહાય માટેની અપીલ

વડોદરા **KDO** વેલફેર ફાઉન્ડેશને અપલી કરી છે કે હાલમાં આપણા સમાજના એક સનિષ્ઠ કાર્યકર, જે ફક્ત ૩૫ વર્ષની ઉમર ધરાવે છે, બહુ જ જીવલેણ માંદગીમાં સપડાયેલ છે, તેમને ઈમરજન્સીના ધોરણે ''બોનમેરો'' ટ્રાન્સપ્લાટની સર્જરી કરવી પડે તેવી હાલત છે, તેમની આ સારવાર માટે મીનીમમ રૂ. ૧૫ લાખની સહાયની જરૂર છે. હાલના તબક્કે અમે સ્થાનિક સ્તર ઉપર પ્રયત્ન કરી રહ્યા છીએ, પણ ઈચ્છનીય છે કે આપણા સમાજના બહારગામના દાતાઓ આ નેક કામ માટે સહાય આપે.

સંપર્ક : ૧. નિશીથ દંડ – ૯૮૭૯૧૧૧૦૯૦, ૨. રાજેશ મોતા – ૯૮૯૮૦૪૬૪૫૨, ૩. ચંદ્રેશ છેડા – ૯૮૨૫૫૩૩૯૮૦, ૪. કેતન લોડાયા – ૯૬૬૨૦૩૧૧૮૬, ૫. ભાવેશ લોડાયા – ૯૮૨૪૦૫૮૯૮૬

નાણા મોકલવા માટેની બેન્કની વિગત : ''શ્રી કચ્છ દશા ઓશવાલ જૈન સમાજ, વડોદરા'' ધ ઓરીએન્ટલ બેન્ક ઓફ કોમર્સ, કોઠી પોળ, રાવપુરા, વડોદરા. એકાઉન્ટ નંબર : એસ.બી. 52692151004612 **IFS CODE : ORBC0105269**

## જોઈએ છે

૧) **સ્ટીલ મેન્યુફેક્ચરીંગ કાું** ની નાસીક ફેક્ટરી માં **ઓફીસ આસિસ્ટન્ટ-૧, એકાઉન્ટન્ટ-૧, બી.કોમ ભણેલ જનરલ કોમ્પ્યુટર જાણકાર તથા બી.ઈ. (સીવીલ), બી.ઈ. (મેકેનીકલ) અને બી.ઈ. (ઈલેક્ટ્રીક ઈન્જીનીયર)** તુરંત જોઈએ છે. ઈચ્છુક અરજીદાર જો નાસીકમાં રહેનાર હશે તો બપોરના જમવાની સગવડ અને જો બહારગામ રહેનાર ઈચ્છુક અરજીદારને રહેવાની તથા જમવાની સગવડ આપવામાં આવશે.

૨) **સ્ટીલ મેન્યુફેક્ચરીંગ કાું** ની મુંબઈ ઓફીસ માટે **ઓફીસ આસિસ્ટન્ટ -૧, એકાઉન્ટન્ટ કમ મેનેજર બી.કોમ ભણેલ કોમ્પ્યુટર જાણકાર** તુરંત જોઈએ છે.

ઈચ્છુક અરજીદારે બાયોડેટા
**mitcstee@gmail.com**
ઉપર મોકલવા.

## આરોગ્ય પ્રકાશ : શરીરની વધારાની ચરબી - મેદ કેવી રીતે બાળશો? - ડૉ. દીપિકાબેન એસ. વૈદ્ય (M.B.B.S.)

આયુર્વેદે મેદ રોગને અભિશાપ લેખ્યો છે. માનવ શરીરમાં એક વખત ચરબીની જમાવટ થવા માંડે છે ત્યારે વધેલું વજન - ચરબી ઘટાડવી કોયડારૂપ બને છે. બધું જ ખાઓ અને વજન ઉતારો એ વાત આયુર્વેદના વિજ્ઞાનમાં નથી.

ખોરાક એ શરીરરૂપી એન્જીનને ચાલુ રાખવાનું બળતણ છે. ખોરાકમાંથી શક્તિ ઉત્પન્ન થાય છે અને શરીર.. રોજબરોજ ખોરાકમાંથી શક્તિ મેળવે છે. રોજની જરૂરિયાત ઉપરાંત જે વ્યક્તિઓ વધુ ખોરાક લે છે તે શરીરમાં સંગ્રહાય છે. પરિણામે તેનું ચરબીમાં રૂપાંતર થાય છે. માટે જ શારીરિક શ્રમ અને ખોરાક એ બંનેની સમતુલા આવશ્યક છે. એમ કહેવાય છે કે મેદસ્વી વ્યક્તિ ભાગ્યે જ લાંબું જીવે છે. તે અંગેની ચકાસણીનાં આંકડાઓ પણ કહે છે કે પીસ્તાલીશ વર્ષની ઉંમરે જો આદર્શ વજનથી પચ્ચીસ રતલ વજન વધુ હોય તો સરેરાશ સાંઈઠ વર્ષનું આયુષ્ય ગણવામાં આવે છે. એવી જ રીતે નિયત કરેલા આદર્શ વજનથી ૫ કિલો વજન વધુ હોય તો આઠ ટકા મૃત્યુ પ્રમાણ વધુ. ૧૦ કિલો વજન વધારે હોય તો અઠ્ઠાવીસ ટકા અને ૧૩ કિલો વજન વધુ હોય તો છપ્પન ટકા જેટલી સરેરાશ મર્યાદા ઓછી આંકવામાં આવે છે.

મેદવાળી વ્યક્તિને તેની ચરબીની રક્તવાહિનીઓ જો સીધી લાઈનમાં મૂકવામાં આવે તો મોઈલો સુધી પહોંચે છે અને તેનો અંદાજ કાઢવો પણ મુશ્કેલ છે. રક્તવાહિનીઓએ માનવીનું જીવન મનાયું છે, તેની સ્થિતિસ્થાપકતા ઘટે, બરડ થાય અથવા તો તેમાં ચરબીની જમાવટ થાય તેને ભયજનક લેખવામાં આવે છે. કારણ કે લોહીનું પરિભ્રમણ કરવામાં હૃદયને બળ પડે છે. મગજને પણ પર્યાપ્ત લોહી મળતું નથી. જેથી આવી વ્યક્તિઓને હૃદયરોગનો ભય વધુ રહે છે.

❋ **મેદરોગ થવાના કારણો :** આપણા મગજની અંદર નિયમન કરતાં કેન્દ્રો અને અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ ખોરાકની સોડમ અને રૂચિ ઉત્પન્ન કરે છે. તેની સાથે સાથે શક્તિનો વપરાશ અને બંનેની સમતુલા જાળવે છે. પણ જ્યારે માનવીની માનસિક સ્થિતિમાં ખલેલ પહોંચે છે ત્યારે આ અસંતોષને લીધે મગજના ભૂખ અને તરસ લાગવા માટે જે જ્ઞાનતંતુ છે તે સંતુષ્ટ ન થાય પરિણામે ખોરાક વધુ લેવાયા કરે જેથી માનસિક તાણ પણ વજન વધારવામાં કારણભૂત છે. સ્ત્રીઓમાં મેદ-ચરબી વધવાના કારણોમાં એક તો યૌવનકાળ, પ્રસૂતિકાળ બીજો અને ત્રીજો સમય માસિક નિવૃત્તિકાળ. પ્રત્યેક પ્રસૂતિ પછી પૂરેપૂરી સંભાળ લેવામાં ન આવે તો પેટ, કમર અને નિતંબમાં ચરબીનું પ્રમાણ સૌંદયથી વંચિત કરે તેટલું વધે છે. યૌવનકાળમાં પણ માસિક સ્ત્રાવની અનિયમિતતામાં કેટલાક કેસોમાં વજનનો વધારો નોંધાયો છે. મેનોપોઝની કોઈ સમય મર્યાદા નિશ્ચિત નથી પણ સ્વભકાવિક રીતે આડત્રીશથી માંડીને પંચાવન વર્ષ સુધીમાં માસિક બંધ થાય છે.

માસિક નિવૃત્તિકાળ માનસિક અને શારીરિક બંને રીતે ચિંતાજનક બને છે. આ સમય દરમ્યાન શરીરમાં આળસ, એકાકીપણું, જીવ મુંઝાય, રડવાનું મન થાય, નાની-નાની વાતમાં પણ મનદુઃખ લાગે, સુસ્તી, પડી રહેવાનું મન થાય, ખોટો ખોટો ગુસ્સો ચઢે, ગરમી વધુ લાગે, પરસેવો વળે, નિરૂત્સાહી જણાય - આ બધા કારણોથી શ્રમ ઘટી જાય, શરીર આરામી બને છે પણ ખોરાક અગાઉ જેટલો જ ચાલુ રહે છે. મેદ વધતો જાય છે. માસિક નિવૃત્તિકાળમાં ઈસ્ટ્રોજનનો સ્ત્રાવ, સ્ત્રી તત્ત્વનો વિકાસ, જનનઅંગોનો વિકાસ, સ્ત્રીના ઉપાંગોનો વિકાસ કરે છે. જ્યારે


# વિરાર રત્ન



તાજેતરમાં
શ્રી અગાસી તીર્થે યોજાયેલ
નવકાર જાપ અનુષ્ઠાનમાં નવકાર-નિષ્ઠ
પરમ આરાધક પૂ. શ્રી જયંતભાઈ રાહી સાહેબ,
શ્રી હર્ષ દેઢીયા, બૃહદ મુંબઈ પંચપરમેષ્ઠી પરિવાર તેમજ
વિરાર, અગાશી તથા અન્ય સ્થળોએથી પધારેલા મહાનુભાવોની
સવિશેષ ઉપસ્થિતીમાં **શ્રી વિરાર ક.વિ.ઓ. જૈન સેવા સમાજ** ના
સંનિષ્ઠ યુવા પ્રમુખ **શ્રી તરૂણભાઈ વોરા**એ આપશ્રી તેમજ આપના
નવકાર ગ્રુપ દ્વારા કરાતી અનેકવિધ સામાજીક સેવાઓને લક્ષમાં
લઈ આપને **'વિરાર રત્ન'** ના બિરૂદથી નવાજ્યા, એ યાદગાર
ક્ષણો અમો પરિવારજનો માટે ખૂબજ ગૌરવપ્રદ રહી. નવકાર
આરાધનામાં લીન રહી શાસન તેમજ સમાજસેવાના
ક્ષેત્રે આપ ખૂબજ આગળ વધો અને પ્રગતીના
શીખરો સર કરો એજ અભ્યર્થના સહ.

**શ્રી રાજેશ**
**દામજી રતનશી મૈશેરી**
**(મોટી સિંધોડી - વિરાર)**

**શુભેચ્છક**
**મા. કુંવરબાઈ રતનશી આણંદજી મૈશેરી પરિવાર (મોટી સિંધોડી)**
**મા. હીરબાઈ ગોવિંદજી પદમશી છેડા પરિવાર (સુથરી)**

UPASANA - 9820167767

પ્રોજેસ્ટોનનાં સ્રાવો સ્ત્રીના માતૃત્વનો વિકાસ અને ગર્ભનો વિકાસ કરે છે. ઈસ્ટ્રોજનના સ્રાવનું બંધ થવું એ જ માસિક નિવૃત્તિકાળ કહેવાય.

❋ **અંતઃસ્રાવી ગ્રંથિઓ :** સ્ત્રીઓનાં યૌવનકાળે અંતસ્રાવી ગ્રંથિ ઈસ્ટ્રોજનનો સ્રાવ શરૂ થાય ત્યારે માસિક અટકાવ આવવો શરૂ થાય છે. કોઈને બાર-તેર વર્ષે તો કોઈને સોળ-સત્તર વર્ષે દેખાય છે. આ કાળ દરમ્યાન કોઈને આવા સમયે અસહ્ય દુઃખાવો પણ થાય. આ કાળ દરમ્યાન મન સંવેદનશીલ થાય છે અને જ્યારે ઈસ્ટ્રોજન ના સ્રાવનું નિર્માણ વધુ ઓછું થાય છે ત્યારે માસિક સ્રાવની સમતુલા રહેતી નથી. પરિણામે ઘણી યુવતીઓમાં તેના સ્વભાવથી માંડી અવિરત રીતે વજન વધવાના કેસો જોવા મળે છે. આજ ઈસ્ટ્રોજન જ્યારે આડત્રીસથી પંચાવન વર્ષની ઉંમર સુધીમાં તેનો સ્રાવ બંધ થાય છે ત્યારે પણ આપણે જોયું તેમ શરીરમાં ભારે ઉથલપાથલ મચાવી દે છે.

માનસિક તાણ ખેંચમાં શરીરની ક્રિયાઓને એટલે કે એડ્રીનલીન ગ્રંથિઓમાંથી કોર્ટીઝોન નામનો પદાર્થ બહાર પડે છે. જેમ માનસિક ખેંચ વધુ તેમ તેનો આ સ્રાવ પણ વધુ આ સ્થિતિમાં એટલે કે માનસિક ખેંચમાં વધુ પડતો ખોરાક માનવી લીધા કરે છે. પરિણામે શરીરમાં મેદનો વધારો થાય છે અને તેના લક્ષણોમાં થાક અને કંટાળો ખૂબ જ જણાય છે.

થાઈરોઈડ ગ્રંથિના સ્રાવની ઉણપના કારણ ભલે ખોરાક ઓછા લેવાતો હોય છતાં પણ આ ઉણપને કારણે વજન મેદ વધતું રહે છે અને વજનરૂપે સોજા પણ જણાય છે. મેદસ્વી વ્યક્તિઓમાં ડાયબીટીજ, લોહીની નળીઓની સ્થિતિ-સ્થાપકતામાં ઘટાડો, ગાઉટ, ગોલબ્લેડર એટલે પિત્તાશયના રોગો, લોહીનું ઉંચું દબાણ, કફ, શરદીનો ઉપદ્રવ, આમવાત, ઢીંચણ અને કમરનો દુઃખાવો, પગમાં સોજા વિગેરે જાત-જાતના રોગો મેદસ્વી વ્યક્તિઓને થવાનો ભય રહે છે. મેદ, વંશ પરંપરાગત કુટુંબમાં પણ આવે છે અને તે પ્રકૃતિ ઉપર જાય છે.

❋ **લક્ષણો :** ચરકસંહિતામાં આ રોગનાં લક્ષણો મહર્ષિ ચરકે વર્ણન કરતાં કહ્યું છે કે વ્યક્તિનું ઓછું આયુષ્ય, ઓછી સ્ફૂર્તિ, ઓછી મૈથુન શક્તિ, કાયમની નબળાઈ, થાક, પસીનો વધુ પ્રમાણમાં દુર્ગંધવાળો, ભૂખ વધુ અને તરસ પણ વધુ લાગે છે.

આયુર્વેદે આઠ પ્રકારના માનવીઓને નિંદાપાત્ર ગણ્યા છે. તેમાં મેદસ્વી વ્યક્તિની પણ ગણના કરી છે. આજે તો શરીર સુડોળ રહે તેવું વજન સૌ કોઈ ઈચ્છે છે અને તે કરવા માટે જેમ આહારનું નિયમન બતાવ્યું તેમ શ્રમનું મહત્ત્વ પણ ન ભૂલવું જોઈએ. ક્યારેક શ્રમ ઓછો થાય, આરામ વધારે પડતો થાય તો ક્યારેક વજન વધે તો અઠવાડિયે એક વખત ઉપવાસ કરવાની સલાહ આપવામાં આવે છે. તેથી ઘટેલ વજન વધતું નથી એવું અનુભવથી કહી શકાય છે. પુરુષ હોય કે સ્ત્રી પણ જ્યારે મેદ ઘટતો નથી, વજન ઉતરતું નથી, બેડોળ બનાવતો પેટ, કમર, નિતંબનો ઘેરાવો ઓછો થતો નથી, ત્યારે એક જ પ્રશ્ન થયા કરે કે આ માટે શું કરવું? વ્યક્તિ શ્રમ સાથે સંયમ, પથ્યાપથ્ય સાથે ધીરજ રાખે છે. તેઓ ધાર્યા પ્રમાણેનો લાભ મેળવી શકે છે.

❋ **ઉપચાર :** એક અસરકારક ઉપયોગી ઔષધ : નવકગુગળ ૧૨૧ ગ્રામ, તૃષ્નાદિલોહ ૩૦ ગ્રામ, ગૌમૂત્રઘન ૩૦ ગ્રામ, ત્રિફળાગુગુળ ૧૨૧ ગ્રામ, ગેમ્બેગો ૫ ગ્રામ - આ બધાનું પ્રમાણસર મિશ્રણ કરી ૫૦૦ મિ. ગ્રા. ની ગોળી કે ટીકડી બનાવવી. અનેક લાક્ષણિક કસોટીઓ (ક્લિનિકલ ટ્રાયલ્સ)ની ફલશ્રુતિ માટે અક્સીર માલૂમ નીવડી છે. તે આયુર્વેદિક ઔષધોનું સંમિશ્રણ હોવાથી અસરકારક, હાનિરહિત નિર્દોષ અને અક્સીર છે તે શરીરમાં રહેલી વધારાની ચરબીને ઓગાળી મેદને કાપે છે. આમ એવું કહેવાય છે, મેદ ઓગળે એટલે કે મેદના કોષોની સંખ્યા ઓછી થતી નથી. પરંતુ મેદના કોષોની સાઈઝ એટલે કે પ્રમાણમાં ચોક્કસ ઘટાડો થાય છે. Adipose Tissue Cells ની સાઈઝ સપ્રમાણ બને છે. આ પ્રમાણે મેદને કાપે છે. માણસને જરાય અશક્તિ લાગતી નથી. પણ સ્ફૂર્તિ અનુભવાય છે. વજન ઘટાડા માટે આતુર એવી વ્યક્તિઓ માટે આ આયુર્વેદિક ઔષધ ખૂબ જ ઉપયોગી છે.

આ ઔષધમાંનું ત્રિફળા ગુગુળ વજન ઘટાડવા માટે ખૂબ પ્રભાવી નવડ્યું છે. તે લોહીમાં રહેલા કોલેસ્ટ્રોલનું પ્રમાણ પણ ઘટાડે છે. લોહીમાં રહેલું કોલેસ્ટ્રોલ અને હૃદયરોગ તથા દમની કાઠીન્ય સાથે સીધો સંબંધ હોય, ત્રિફળા ગુગળનો આ નિર્દોષ ગુણધર્મ મહત્ત્વનો છે. આનાથી થતો વજન ઘટાડો એ આયુષ્ય વધારો કરનારું નીવડે છે. માત્રા : ૨-૨ ટીકડી દિવસમાં ત્રણ વાર નવશેકા પાણી સાથે લેવી. આના ઉપયોગ વખતે માત્ર રોજબરોજના ખોરાકનું પ્રમાણ જે કંઈ ચાલુ લેતાં હોઈએ તેનાથી પચાસ ટકા લેવો. જમ્યા પહેલાં રૂચિ અને ભૂખને જો અનુકૂળ હોય તો છાશનો એક ગ્લાસ અને જમતાં વચ્ચે-વચ્ચે ઘૂંટડે એક ગ્લાસ છાશ લેવી. છાશ અનુકૂળ ન આવતી હોય તો લીલા નાળિયેરનું પાણી અથવા શાકભાજીનું સુપ આજ પ્રમાણે લેવું. આ પ્રમાણ વજન ધીમે-ધીમે ઘટતું જાય છે. જરા પણ અશક્તિ કે નબળાઈ લાગ્યા વગર ખોરાક સાદો અને નિયમિત લેવો. ચરબીવાળો પદાર્થ, ગળી ચીજો, ઘી, મલાઈ, માખણ, ચીઝ, ચીકાશયુક્ત પદાર્થ લેવો નહિ.

શરીરનું વધારાનું વજન નક્કી કરી ઔષધિની સેવનવિધિ શરૂ કરવી. દરેક અઠવાડિયે એક જ કાંટા પર એક જ કપડામાં દિવસમાં એક જ સમયે વજન કરો તે જ પ્રમાણે પેટ તથા નિતંબનું માપ લેતા રહેવું. રોજીંદો ખોરાક લેવો. ડાયાબિટીસ, હાઈપર ટેન્શનવાળા દર્દીઓ માટે આ ઔષધ સલામત છે.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



**ટ્રેનમાં ભોજન, નાસ્તો, ચા-કોફી ઈ.**

અમલનેર (જી. જલગામ) સ્ટેશન પર સવાર-બપોર-રાત્રે ઘરે તૈયાર કરેલ ભોજન ઈત્યાદિ સપ્લાય કરીશું. ૫૦ થી વધુ પ્રવાસીઓના ગ્રુપને પણ ઉત્તમ ક્વોલિટીનું સ્વાદિષ્ટ ઘરે બનાવેલ ભોજનની સુવિધા પૂરી પાડવાનો અનુભવ ધરાવનાર.

કોઈ પણ સંખ્યાના યાત્રી-પ્રવાસીઓની સગવડ સાચવીશું.

સંપર્ક : **094 200 80 799**

**સંસ્મરણ પ્રકાશ :** આ વિભાગમાં જ્ઞાતિજનોને પોતાના સંસ્કરણો મોકલવા આમંત્રણ છે, ખાસ કરીને એવી સ્મૃતિઓ જે જ્ઞાતિને પ્રત્યક્ષ કે પરોક્ષપણે સ્પર્શીતી હોય - **તંત્રી**

# આપણી હાઈસ્કૂલમાં મારો ડબલ રોલ

'પ્રકાશ સમીક્ષા' હાથમાં આવે એટલે મુંબઈની જૂની યાદો તાજી થાય. એમાં ક્યારેક આપણા અનંતનાથજી દેરાસર અને તેમાં આવેલી આપણી હાઈસ્કૂલ પણ ચમકી જાય. આપણી હાઈસ્કૂલ એટલે શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી, શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાલય. સને ૧૯૫૬માં, ધો. ૮માં હું ત્યાં દાખલ થયો. મારું રહેવાનું હતું દાણાબંદર (પ્રબોધ મેન્સન)માં મારા પૂ. મામા સ્વ. રતનશી પાસુભાઈના ઘેર. તેઓ 'ભાચ્છા' તરીકે દાણાબંદર તથા ભાતબજારમાં પ્રસિદ્ધ હતા અને શ્રી લીલાધર પાસુની કંપનીમાં તેમનો સિતારો હતો.

આપણી શાળાની શિસ્ત એટલે કહેવી પડે. મોટા ભાગના વિદ્યાર્થીઓ આપણી જ્ઞાતિના જ હતા. ૫૦-૫૫ ના વર્ગમાં ૮ કે ૧૦ વિદ્યાર્થીઓ જ અન્ય જ્ઞાતિઓના હતા. બાકી બધા આપણી જ્ઞાતિના જ હતા. 'પ્રકાશ-સમીક્ષા'ના હાલના તંત્રી સાહેબ મારાથી એક ધોરણ આગળ હતા. તે સમયે આપણી મોટા ભાગની વસ્તી દાણાબંદર, મસ્જિદબંદર અને ભાતબજાર પૂરતી સીમિત હતી. ઘણા વિદ્યાર્થીઓ આપણી બોર્ડિંગમાં રહીને અભ્યાસ કરતા હતા. મારા ગામ (સુથરી)ના ઘણા વિદ્યાર્થીઓ બોર્ડિંગમાં રહેતા હતા.

હું ભણતો હતો તે દરમ્યાન એક જ દિવસ કોઈ કારણસર વિદ્યાર્થીઓએ વર્ગોનો બહિષ્કાર કર્યો હતો. જો કે, વિદ્યાર્થીઓને ઉશ્કેરવામાં જેણે મહત્વની ભૂમિકા ભજવી હતી એ એક અન્ય જ્ઞાતિનો વિદ્યાર્થી હતો, એવું મને ઊંડે ઊંડે યાદ આવે છે. અગાઉ શાળામાં ઈંડુ લાવવાના પ્રશ્ને તે સમયના આચાર્ય શ્રી પાવરી સાહેબનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો એવું મને જાણવા મળ્યું હતું. શાળામાં વિદ્યાર્થીઓની બેંક પણ શરૂ કરવામાં આવી હતી.

ધો. ૯ની પરિક્ષા વખતે અચાનક મારી તબિયત બગડી. પરીક્ષા આપવા જેમ તેમ કરીને હું સ્કૂલે પહોંચતો. જો કે મારાં મામી મને પહેલાં ડૉક્ટર કુંવરજી પાસે લઈ જતાં. ચીંચબંદર અને દાણાબંદરને જોડતા લોખંડના પુલ પાસે આવેલા મકાનમાં ડૉક્ટર સાહેબ રહેતા હતા. ડૉક્ટર સાહેબ મને રોજ એક ઈંજેક્શન આપતા. પછી મામી મને સ્કૂલમાં મૂકી જતાં મારા માટે લાઈબ્રેરીમાં બેસીને પેપર લખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તે પછી મેં મુંબઈ છોડ્યું અને બે વરસ કોઠારામાં અભ્યાસ કર્યો. સને ૧૯૬૪માં બી.એ.ની પરીક્ષા પછી હું ફરીથી આપણી શાળા સાથે સંકળાયો. હવે શિક્ષક તરીકે અરજી લઈને હું પુ. શ્રી પુનશીભાઈ દામજી ખોનાને મળ્યો. કોઈની પણ લાગવગ વગર મને નોકરી મળી ગઈ. સાથે એમ.એ.નો અભ્યાસ ચાલુ રાખ્યો. મારી ઈચ્છા એલ.એલ.બી.નો અભ્યાસ કરીને વકીલ બનવાની હતી પણ પ.પૂ. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મહારાજ સાહેબે (મારાં ફૂઈ મહારાજે) અમુક ચોક્કસ કારણોસર મને એલ.એલ.બી. ના અભ્યાસની મનાઈ ફરમાવી હતી.

જે શિક્ષકો પાસે ભણ્યો હતો તેમની સાથે જ કામ કરવામાં આનંદ આવતો હતો. માર્ગદર્શન મળી રહેતું. આઠ વર્ષમાં બહુ ફેરફાર થયા ન હતા. એકાદ-બે શિક્ષકો જ બદલાયા હતા. પ્રિન્સિપાલ પણ એ જ હતા, શ્રી આર.એમ. ત્રિવેદી સાહેબ.

શરૂઆતમાં જે શિસ્તમય વાતાવરણમાં કામ કર્યું હતું એવું વાતાવરણ મને બીજી સ્કૂલોમાં મળ્યું નહિં. એમ. એ.ની પરીક્ષા આપવા માટે આપણી સ્કૂલની નોકરી છોડીને હું ઘણું પસ્તાયો. મુંબઈની કોઈપણ કૉલેજમાં હિન્દીના લેક્ચરરની જગ્યા મળવી અતિ મુશ્કેલ હતી. એમ. એ. (IInd Class) હોવા છતાં! મુંબઈ યુનિવર્સિટીના તે સમયના હિન્દી વિભાગના અધ્યક્ષે મને ચોખ્ખું કહી દીધું કે તમે ગુજરાતમાં જાઓ, અહિયાં તમને લેક્ચરરની નોકરી નહિ મળે. છેવટે થોડા સમય માટે પણ કચ્છ તરફ નજર દોડાવવી પડી.

**- શામજી પદમશી છેડા,** ગાંધીધામ.


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**

**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ — સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ - ચણીયાચોળી - ઘરચોળા - બોર્ડરો પાનેતર - બાંધણીઓ
મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

ઝવેરીબજાર શાખામાં સેમ્પલ સાડીઓનું ક્લીયરન્સ ચાલુ છે.

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨.
Tel. : 22413995 / 22402786
૨૮, ગની મેન્શન, શૉપ નં. ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.) કિંગ્સ સર્કલ, મુંબઈ -૧૯.
ફોન : 2404 3995 / 93222 58574

## બજેટ-૨૦૧૫ સર્વિસ ટેક્ષ - સંક્ષિપ્ત સુધારાઓ - શાહ પારસ લહેરચંદ પટેલ (બાંડીયા-વિદ્યાવિહાર)

**(I) તા. ૧.૦૩.૨૦૧૫ થી અમલમાં આવી ગયા છે :-**

૧) એક જ જગ્યા માટેનું રજીસ્ટ્રેશન બે દિવસમાં જ મળી રહેશે. જેનું સર્ટીફીકેટ સરકારી સાઈટમાંથી જ ઉપલબ્ધ રહેશે, જેમાં સરકારની સહી નહીં હોય તો પણ ચાલશે. જેમણે પોતાના PAN (પરમનન્ટ અકાઉન્ટ નંબર, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી જમા ન કરાવ્યા હશે તેમણે Online થી અપડેટ કરાવવા પડશે.

૨) સેનવૅટ ક્રેડીટનાં દસ્તાવેજની તારીખથી ક્રેડીટ લેવાની સમય મર્યાદા ફક્ત ૬ મહીના હતી. તે સમય મર્યાદાની અંદર જ ક્રેડીટ ક્લેઈમ કરી શકાતી, અન્યથા ક્લૅઇમ વ્યર્થ જતું. આ સમય મર્યાદા ૬ મહીનાથી વધારીને ૧ વર્ષ સુધીની કરવામાં આવી છે. પરિણામે ક્રેડીટ દસ્તાવેજની તારીખથી ૧ વર્ષ સુધી ક્રેડીટ ક્લેઈમ લઈ શકાશે.

૩) ડીજીટલ સહી સાથેના ઈનવોઈઝ અને ઈલેક્ટ્રોનીક સ્વરૂપે બધા રેકૉર્ડ રાખવાનો વિકલ્પ શરૂ કરવામાં આવ્યો છે. જે સરકારી શરતો મુજબ રાખી શકાશે.

૪) મેરૂ/રેડિયો ટેક્સી જેવી એગ્રીગેટર મૉડેલ હેઠળ સર્વીસ આપનાર માલિક કે તેમનાં બ્રાંડનાં નામનો ઉપયોગ કરનાર એજન્ટ પર ટેક્સ ભરવાની જવાબદારી રહેશે. જો માલિક / એગ્રીગેટર ભારતમાં ન હોય તો ટેક્સની સંપુર્ણ જવાબદારી ભારતનાં એજન્ટની રહેશે.

૫) એડવાન્સ રૂલીંગની સવલત હવે રેસીડેંટ ફર્મ એટલે કે પ્રોયરાટર ફર્મ, પાર્ટનરશીપ ફર્મ, એક વ્યક્તિ કંપનીને પણ મળી શકશે.

**(II) તા. ૧.૦૪.૨૦૧૫ થી અમલમાં આવી ગયા છે :-**

**(A) કર મુક્તિ લાભોમાં ફેરફાર :-**

૧) એર પોર્ટ કે બંદરમાં થતા બાંધકામો ને ટેક્સમાંથી મુક્તિ હતી. જે રાહત પાછી ખેંચાતા, એ કામકાજો પર ટેક્સ અમલમાં આવી ગયો છે.

૨) શૈક્ષણિક વૈદ્યકીય અને કળાને લગતાં બાંધકામને ટેક્સમાં છુટ હતી. જે રાહત પાછી ખેંચાતાં, એ ટેક્સમાં આવી ગયા છે.

૩) સરકાર/સરકારી તંત્રને બાંધકામ, સમારકામ, નવિનીકરણ જેવી સેવા આપનારને ટેક્સમાં મૂક્તિ હતી, જે પાછી ખેંચાતાં, તે સેવાઓ પર ટેક્સ ભરવો પડશે.

૪) પોતાનાં માટે કે કર્મચારીઓ માટે ઘર બાંધકામની સેવા પર મુક્તિ લાભ હતો, જે પાછી ખેંચાતાં, એ સેવા પર ટેક્સ ભરવો પડશે.

૫) ટ્રાંસપોર્ટસ - પરિવહન સેવાને હાલ સુધી ખાદ્યવસ્તુઓ પર ટેક્સ મુક્તિ લાભ હતો, જે લાભ પાછો ખેંચાતા, હવે એ લાભ ફક્ત દુધ, અનાજ, નમક, આટો, કઠોળ અને ચોખા પુરતો જ સીમીત રહેશે. બાકીના ખાદ્યપદાર્થો પર ટેક્સ ભરવો પડશે. જો કે ખેતી ઉત્પાદન પરિવહન પરનો કરલાભ તો ચાલુ જ રહેશે.

૬) અમુક નૃત્ય અને મંચના કલાકારને હવે કોઈ પણ કામગીરીનું મહેનતાણું રૂ. ૧ લાખ થી ઉપર મળશે તો તેનાં પર ટેક્સ ભરવો પડશે. જેને પહેલાં મુક્તિ લાભ હતો.

૭) પૂર્ણ કરલાભ પાછો ખેંચાયો :-

(a) મ્યુચ્યુઅલ ફંડનાં એજન્ટ દ્વારા અપાતી ફંડ માટે સેવા...

(b) લોટરી ટીકીટનાં માર્કેટીંગ એજન્ટો દ્વારા માલિકને અપાતિ સેવા...

(c) ગેરંટી પબ્લીક ટેલીફોન સેવા...

(d) પબ્લીક ટેલીફોન સેવા...

(e) હોસ્પીટલો, એરપોર્ટ પરની ટેલીફોન સેવાઓ...

૮) દર્દીમાટે એમ્બ્યુલન્સ સેવાનો કર મુક્તિલાભ બધાને મળી શકશે.

૯) એલ.આઈ.સી. ની વરિષ્ટ પેન્શન યોજના કર મુક્ત રહેશે.

૧૦) કૉમન ઍફલ્યુએટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઓપરેટર સેવા કર મુક્ત હશે.

૧૧) ફળો કે શાકભાજી ને પકાવવાનું, પેકીંગ, લેબલીંગ વગેરે ની સેવાઓ પર કર મુક્તિનો લાભ મળશે.

૧૨) મ્યુઝીયમ, ઝુ કે નેશનલ પાર્ક ની એડમીશન ફીને કર મુક્તિનો લાભ મળશે.

**(B) અબૅટ-મેંટ :-**

૧) હમણાં સુધી રેલ્વે ટ્રાન્સપોર્ટ માટે ૭૦% અબૅટમેંટ, રોડ ટ્રાન્સપોર્ટ માટે ૭૫% અબૅટમેંટ, અને જહાજ પરિવહન માટે ૬૦% અબૅટમેંટ હતું. હવે આ બધી ટ્રાન્સપોર્ટ સેવામાટે એક સરખો ૭૦% અબૅટમેંટ છે. પરિણામે ૧/૪/૨૦૧૫ થી ૩૦% પર ટેક્સ ભરવો પડશે. એટલે ટોટલ રકમ પર ૩.૭૦૮% ટેક્સ ભરવો પડશે.

૨) હમણાં સુધી હવાઈ મુસાફરી માટે ૬૦% અબૅટમેંટ હતું એટલે ૪૦% રકમ પર ટેક્ત ભરવો પડતો. હવે હાય ક્લાસ માટે


**મોટી સિંધોડીમાં પર્યુષણ આરાધના કરવા પધારવા ગામના જ્ઞાતિજનો તથા નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ છે. વ્યવસ્થા માટે સંપર્ક : હેમાંગ લોડાયા - 99206 46846**

**SHAH COMPUTER TECHNOLOGY**
**SALES & SERVICE : ALL REPAIR & SOLUTION**
Computer, Laptop & Accessories, Software Solution,
Networking with Wireless Solution
CCTV Camera Security System
**shahcomputer95@gmail.com**
**Office no. 2, Diti Complex New Station Road, Bhuj-Kutch**

અબૅટમેંટ ૪૦% અને ૬૦% ટેક્સ ભરવો પડશે. પરિણામે હાયર ક્લાસ માટે વધુ ટેક્સ જશે.

૩) ચિટ ફંડનું અબૅટમેંટ પાછું ખેંચાતાં, પુરી રકમ પર ટેક્સ ભરવો પડો.

**(C) રીવર્સ ચાર્જ મેકેનીઝમ (સર્વીસ લેનારે ટેક્સ ભરવાનો):-**

૧) મેન પાવર સપ્લાય કરનાર તથા સેક્યુરીટી સર્વીસ જ્યારે વ્યક્તિ, HUF, પાર્ટનરશીપ દ્વારા કોરપોરેટને આપવામાં આવે ત્યારે સર્વીસ આપનાર ૨૫% અને કોરપોરેટને ૭૫% ટેક્સ ચુકવવાની જોગવાઈ હતી. પણ ૧/૪/૨૦૧૫ થી ૧૦૦% પુર્ણ ટેક્સ ભરવાની જવાબદારી ફક્ત કોર્પોરેટની જ રહેશે અને સર્વીસ આપનારને ટેક્સ ભરવાની જરૂરત નહી રહે.

૨) મ્યુચ્યુઅલ ફંડ એજન્ટ જ્યારે મુખ્ય ડીસ્ટ્રીબ્યુટરને સેવા આપે અને લોટરી એજન્ટ જ્યારે લોટરી ડીસ્ટ્રીબ્યુટરને સેવા આપે ત્યારે પૂર્ણ ૧૦૦% ટેક્સ મુખ્ય ડીસ્ટ્રીબ્યુટરે જ ભરવાનો રહેશે.

**(III) કાયદા એનેકટમેંટની તા. ૧૪/૫/૨૦૧૫ થી અમલમાં આવી ગયા છે.:-**

૧) ચીટ ફંડ ફોરમેનને ચિટ ફંડ માટે ટેક્સ ભરવો પડશે.

૨) લોટરી એજન્ટને પણ હવે થી પોતાની લોટરીની સેવાઓ પર ટેક્સ ભરવો પડશે.

૩) બેંકો આર.બી.આઈ ને એજન્સી વિશેની સર્વીસ માટે ટેક્સ ભરવો પડશે.

૪) ટેક્સેબલ સર્વીસની વેલ્યુએશન માટે રીઈમ્બર્સમેંટ ખર્ચા અને સેવા માટેનો ખર્ચ/કોસ્ટ પણ ઉમેરાશે. લોટરી એજન્ટ માટે પણ વેચાણ રકમ અને ખરીદી કીમતનાં ફરક પર ટેક્સ ભરવાનો રહેશે.

૫) દંડની જોગવાઈઓમાં પણ ફેરફારો થયા છે. જેમાં ખાસ સેક્સન ૮૦ ને રદ કરાતાં, દંડ-પેનલ્ટીમાં માફી આપતી સેક્સન ન રહેતાં, કોઈ પણ કારણ કે સંજોગો છતાં પણ એ દંડ/પેનલ્ટી ભરવી જ પડશે.

**(IV) એનેકટમેંટ બાદ નોટીફાઈ થનાર તારીખ થી અમલમાં આવશે.:-**

૧) સરકાર જાહેર કરશે એ તારીખ થી સર્વીસ ટેક્સ ૧૨% અને બંને સેસ (૨+૧) ૩% એટલે ૧૨.૩૬% માંથી ટેક્સ ૧૪% કરવામાં આવશે. એ તારીખ સુધી ૧૨.૩૬ ચાલુ જ રહેશે.

## કે. ડી. ઓ. વેલ્ફેર અસોસીએશન

રેલ્વે ટીકીટ રીઝર્વેશનના હવે ૪ મહિના થવાથી અને બહારગામના મેગેજીંગ કમીટી તથા જનરલ બોડીના સભ્યો સત્વરે ટીકીટ બુક કરાવી શકે તથા સ્થાનિક સભ્યો પણ નોંધ લઈ શકે એવા હેતુથી આગામી મેનેજીંગ કમીટી સભા તથા વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૩૦ ઑગષ્ટ ૨૦૧૫ના શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવકુંજ-મુલુંડ) મધ્યા બપોરે રાખવામાં આવેલ છે.

એપ્રીલ ૨૦૧૫માં નવા ૨૫ જ્ઞાતિજનો મેમ્બર બન્યા છે તથા એક મેમ્બર અવસાન પામ્યા છે. સ્વાર્થ સાથે પરમાર્થ અને સાધર્મિક ભક્તિનો લાભ આપતી આ કે.ડી.ઓ. સામાજીક સુરક્ષા યોજનામાં જોડાવા માટે સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી રૂા. ૨૦૦/-ની મેમ્બરશીપ ફી લેવાની નથી. ફક્ત રૂા. ૨૭૦૦/- ડીપોઝીટ ભરી મેમ્બર થઈ શકાય છે. **ફોર્મ માટે 8767753082 / 8976017830** અથવા **kdosss@yahoo.in** પર સંપર્ક કરો.

૨) સરકાર જાહેર કરશે એ તારીખ થી બધી અથવા થોડી સર્વીસ પર એક્સટ્રા ૨% ટેક્સ સ્વચ્છ ભારત સેસ લગાડવામાં આવશે. જેનાં પરિણામે ટેક્સ ૧૪% થી વધીને ૧૬% થઈ જશે. બધી અથવા અમુક સર્વીસ પર ટોટલ ટેક્સ ૧૬% લાગી જશે.

૩) મનોરંજન, એંટરટેઈન કે અમ્યુઝમેંટ માટેની એડમીશન ફી પર ટેક્સ ભરવો પડશે.

૪) હાલ સુધી સરકાર/લોકલ બોડીની સપોર્ટ સર્વીસ માટે ટેક્સમાં મુક્તિ લાભ હતો. હવે સર્પોટ સર્વીસ લાભ પાછો ખેચાતાં, સરકારને અપાતી સર્પોટ સર્વિસ પર હવે ટેક્સ ભરવાનો રહેશે.

૫) કોમ્પીઝીટ રીવાઈઝ રેટસ્ - સર્વીસ ટેક્સ રેટ ૧૨.૩૬% માંથી ૧૪% બનશે, જેનાં કારણે કોમ્પોઝીટ રેટમાં પણ તેટલા ફેરફારો આવશે.

| સર્વીસ | જૂનો રેટ | નવો રેટ |
|---|---|---|
| એર ટ્રાવેલ એજન્ટ (ડોમેસ્ટીક) | ૦.૬% | ૦.૭% |
| એર ટ્રાવેલ એજન્ટ (ઈન્ટરનેશનલ) | ૧.૨% | ૧.૪% |
| લાઈફ ઈન્સ્યુરન્સ સર્વીસ | ૩% & ૧.૫% | ૩.૫% & ૧.૭૫% |
| મની ચેન્જર સર્વીસ | ૦.૧૨% | ૦.૧૪% |
| લોટરી ડીસ્ટ્રી. એજન્ટ | ૭૦૦૦-૧૦૦૦૦ | ૮૨૦૦-૧૨૮૦૦ |

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વિવિધ ગામોના મહાજન-સંઘ-દેરાસરજીના ટ્રસ્ટીએ પર્યુષણ માટે વતનના ગામ આવવાના આમંત્રણો આપ્યા છે. જેમને માટે જવાનું શક્ય હોય તેમણે જરૂર જઈ ધર્મ સાથે વતન સાથેનો નાતો જીવંત રાખવો જોઈએ.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

# શબ્દાનંદ (ઉકેલ માટે જુઓ પાનું ૨૪)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | | ■ |
| ૭ | | | ■ | ૮ | ■ | ૯ | | ■ | ૧૦ |
| ■ | ૧૧ | | ૧૧અ | | ■ | ■ | ૧૨ | | |
| ૧૩ | | ■ | | ■ | ૧૪ | ૧૫ | ■ | ■ | ■ |
| ૧૬ | | | | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | ૨૦ | ■ |
| ૨૧ | | | | | ■ | ૨૨ | | | |
| | ૨૩ | ■ | ■ | ૨૪ | ૨૫ | | | | ■ |
| ■ | ૨૬ | ૨૮ | ૨૮ | ■ | | ■ | ■ | ૨૯ | |
| ૩૦ | ■ | ૩૧ | | ૩૨ | | ૩૩ | ■ | | ૩૪ |
| ૩૫ | | | | | | ૩૬ | ■ | | ■ |

**આડી ચાવી**

૧) અર્જુન નું એક નામ ❹
૨) ગાળો ભાંડવી, અણબનાવ થવો ❹
૩) શરીર, સૂરત, મુખ, ડિલ ❸
૯) નર અને -- ❷
૧૧) શીખ લોકો જે શસ્ત્ર પોતાની પાસે રાખે તે ❹
૧૨) નાલાયક, બદમાશ ❸
૧૩) દારૂ પીવાથી ચડે ❷
૧૫) સોનાનાં દાગીના પર રંગીન કામ -- કારી ❷
૧૬) વારસામાં મળેલુ ❺
૧૮) ખટમલ હિંદી છે તો ગુજરાતી શું ❸
૨૧) ખિસ્સાકાતરુ (હિંદીમાં) ❺
૨૨) એક પ્રકારનું જીવડું ❹
૨૩) ખજાનો, ઉંધુ છે ❷
૨૪) એક શહેરનું નામ, જયાં વિપશ્યના આશ્રમ છે. ❺
૨૬) વગર લગ્ને રાખેલી સ્ત્રી ❸
૨૯) સવાર, પ્રભાત ❷
૩૧) તરબોળ ❺
૩૪) હોંશ પૂરી કરવી, લાડ લડાવવા ❷
૩૫) વ્યાયામ કરવો ❼

**ઉભી ચાવી**

૧) વધનું ઉંધુ ❷
૨) કૃષ્ણનું એક નામ ❺
૩) નજર, શબ્દ, ગોઠવો ❸
૫) દલાઈ --, એક સંત ❷
૬) ચા રાખવાનું સાધન ❸
૮) પ્રતિજ્ઞા લીધી -- લીધું ❷
૧૦) દ્વીપ ❷
૧૧અ) નિષ્ણાત, તજ્ઞ ❹
૧૩) નવાજિશ, નવાજવું ❹
૧૫) નામી, પ્રખ્યાત ❹
૧૭) પર્વતની તળેટીનો પ્રદેશ ❸
૧૯) કપુર ગોઠવો ❸
૨૦) ધૂળનાં ગોટા ઉડવા ❻
૨૫) ભણતર કરતાં ઘણીવાર ---- કામ આવે છે. ❹
૨૭) ખેતરમાં સારા પાકમાટે નાખવા આવે છે. ❸
૨૮) જલ્દી, ત્વરિત ❸
૩૦) શંકા, વહેમ ❷
૩૨) બગલો ❷
૩૩) ખરીફ અને બીજો કયો પાક? શિયાળુ પાક ❷
૩૬) પરાક્રમી - મહાવીરનું એક નામ ❷ ઊંધું થયું છે

– સરલાબેન હંસકુમાર નાગડા (માટુંગા સેન્ટ્રલ)




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પરજાઉ નગરે પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી પરજાઉ નગરે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભની છત્રછાયામાં શ્રી શિતલનાથ ભગવાન અને અન્ય આઠ પરોણા પ્રભુજીની પુનઃપ્રતિષ્ઠા અને મૂળ નાયકની ૧૬૧મી ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ મુનિરાજ પ.પૂ. કંચનસાગર મ.સા.ની નિશ્રામાં તા. ૨૮ એપ્રિલ થી ૩૦ એપ્રિલ દરમ્યાન ઉજવાયો.

આ પ્રસંગે ગામવાસીઓ, નિયાણી બ્હેનો અને મહેમાનની બહોળી સંખ્યામાં હાજરી રહેલ. કુલ ધૃત બોલી એકંદરે ૪,૨૭,૭૭૦ અને ૧,૫૦,૮૪૧ રૂા. થઈ. વિધિકાર તરીકે શ્રી ધર્મેશભાઈ જયંતિલાલ દેઢીયા (બીદડા-મુંબઈવાળા) પધારેલ. સંગીતકાર શ્રી કૌશીકભાઈ બારોટ (પાલીતાણાવાળા) એ ભક્તિની રમઝટ જમાવેલ. શ્રી શિતલનાથની પ્રતિષ્ઠાનો લાભ ૧,૧૧,૧૧૧ મણમાં માતુશ્રી રતનબાઈ આણંદજી શામજી દંડ એ લીધેલ. શ્રી મૂળનાયકના શિખરની ધ્વજાનો લાભ ૧,૬૧,૧૬૧ મણમાં શ્રી ગૂલાબભાઈ, શ્રી હરેશભાઈ અને શ્રી લહેરચંદભાઈએ સંયુક્ત રીતે લીધેલ. શ્રી અનંતનાથજીના શિખરની ધ્વજાનો લાભ ૨૧,૧૨૧ મણમાં માતુશ્રી સોનબાઈ દામજી વિકમશીએ લીધેલ. મૂળનાયકશ્રી ચંદ્રપ્રભ સ્વામીને હેમનો મુગટ ચડાવવામાં આવ્યો. મૂળનાયકની ધ્વજાના દિવસે પ્રથમવાર આ મુગટ ચડાવવાનો લાભ ૫૫,૫૫૫ મણમાં માતુશ્રી રતનબાઈ આણંદજી શામજી દંડ પરિવારે લીધેલ. પ્રતિષ્ઠાના દિવસે ચડાવવાનો લાભ ૧૧,૧૧૧ મણમાં માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ પરિવારે લીધેલ. આ પ્રસંગે નૂતન ઉપાશ્રય નિર્માણની ઈંટ યોજનમાં ગામવાસીઓએ અને નિયાણી બહેનોએ સારી સંખ્યામાં નામ નોંધાવેલ.

## કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ

કોઠારામાં આગામી ચાતુર્માસ માટે પૂ. સાધ્વી કોમલગીરાશ્રીજી મ.સા. (પૂ. સાધ્વી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સાધ્વી શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા) તથા બાલ સાધ્વી પૂ. સિધ્ધગીરાશ્રીજી મ.સા. આદિ ઠાણા બેનો ચાતુર્માસ પ્રવેશ તા. ૨૭.૭.૨૦૧૫ના થશે.

## કોચીનમાં ''ફળો માત્ર પક્ષીઓ માટે'' ઝુંબેશ



**મુકેશ માણેકજી લોડાયા જૈન, જૈન ફાઉંડેશન, કોચીન,** દ્વારા તા. ૧.૫.૨૦૧૫ ના કોરપોરેશન લાઈબ્રેરી, ચુલ્લીકલ, કોચીનના આંગણાંમાં ફળો માત્ર પક્ષીઓ માટે અનામત (રીજર્વ) રહે એ ઉદ્દેશથી ચાર ઝાડ (આંબા-૧, પેરૂ-૨, અને જાંબુ-૧) વાવવામાં આવ્યા અને આ દ્વારા સામાન્ય જનોમાં એક જાગૃતિ ફેલાવવામાં આવી કે તેઓ પણ પોતાના ઘરની ઝાડોમાંની એક નાની ડાળીના ફળો પક્ષીઓ માટે અનામત રાખે તથા એની એંધાણી રૂપ એક ડાળીમાં એક લાલ રીબીન બાંધી પોતાના બાળકો તથા ઘરે આવનાર મહેમાનોને આ કોન્સેપ્ટ (ઉદ્દેશ્ય) સમજાવીને વિચાર ફેંલાવો કરે.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના ટોચના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## કોચીનમાં પક્ષીઓ માટે પરબ વિતરણ



કોચીનમાં **શ્રી મુકેશ માણેકજી લોડાયા જૈન, જૈન ફાઉન્ડાશન** તરફથી ૩ મે ૨૦૧૫ના ગવર્મેન્ટ એલ. પી. સ્કુલ અમરાવતી, ફોર્ટનાં વિદ્યાર્થીઓને પક્ષીઓ માટેના કૃત્રિમ ઘર તથા પરબનું વિતરણ કરવામાં આવ્યું. છેલ્લાં પાચ વર્ષથી દર વર્ષે પક્ષી સંરક્ષણ અભિયાનના ભાગ રૂપે


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

જન જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમ યોજાય છે.

જૈન ફાઉન્ડેશન તરફથી આ પહેલાં એપ્રીલ માસમાં વાહન રેસ્ટોરાં હળતાલના દિવસે રસ્તા પર જીવતા અને મંદિર પરિસરમાં જરા ચલાવતા ભિક્ષુઓને પશ્ચિમ કોચીન, તોપમ્પડી તથા પલુરુતીના ક્ષેત્રોમાં લંચ ફુડ પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું.

## શ્રી કોઠારા જૈન પાઠશાળા – યાત્રા

શ્રી કોઠારા જૈન પાઠશાળાના શિક્ષિકા તોરલ બેનની જહેમત અને દાતા પરિવારોની દિલેરીથી તા. ૨૭/૪/૧૫ ના બે મોટી ગાડીમાં યાત્રા સંઘ કાઢેલ... કોઠારાથી વિંઝાણ, નારાણપર, મંજલ (નવકારસી), રાયધણજર, ચિયાસર, નરેડી, માનકુવા, ધ્રંગ-લોડાઈ (ભોજન), જવાહરનગર, ડગાળા, શ્રવણ-કાવડિયા (ચા-પાણી), સુમરાસર, માધાપર, કડકભઠ્ઠ, ભુજ (ચૌવિહાર), ત્રિમૂર્તિમંદિર, ગાર્ડનમાં ફર્યા. ઉપરોક્ત ગામોમાં દેરાસરજીના દર્શન કર્યા.

જેના દાતા પરિવારો રૂા. ૫૦૦૦/- માતુશ્રી હીરાબેન ખેતશી દંડ રૂા. ૨૫૦૦/- માતુશ્રી ખેતબાઈ ચાંપશી ધરમશી (પાવડા) રૂા. ૨૫૦૦/- માતુશ્રી કસ્તુરીબાઈ વાલજી ધરમશી (પાવડા) ભુજમાં ચૌવિહારનો લાભ શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર પરિવારે લીધો. અન્ય ખર્ચ પાઠશાલાના ભંડોળમાંથી કર્યો.

## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી મહિલા મંગલ મંચ

શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી સંચાલિત ''મહિલા મંગલ મંચ'' દ્વારા તા. ૨૮/૪/૨૦૧૫ ને મંગળવારના ફેક્ટરી મુલાકાત નો પોગ્રામ બહેનો માટે રાખવામાં આવેલ.

''એવરગ્રીન-સ્નેક્સ'' ફરસાણ ફેક્ટરીના માલિક શ્રી નીલેશભાઈ મોતા તથા શ્રીમતી દિવ્યા મોતા એ દરેક નું સંઘ પૂજન કરી ને ભાવભીનું સ્વાગત કર્યું હતું. વિવિધ ટાઈપના ફરસાણ/વેફર/ચીક્કી મશીન થી તથા તૈયાર થાય છે, તેનું પેકીંગ, સપ્લાય વગેરે વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવેલ.

સિલફાટા સ્થિત શ્રી સિમંધર સ્વામી દેરાસરમાં દર્શન/સામુહિક ચૈત્યવંદન કરી, નેરૂલ સ્થિત વંડરપાર્કમાં ૭ વંડર અજાયબીની પ્રતિકૃતિ જોઈ વિવિધ રાઈડસમાં બેસી આનંદ માણ્યા હતો. કલ્પનાબેને હાઉઝી ગેમ રમાડી હતી. સાંજના જમણના તથા લીંબુ શરબતના દાતાશ્રી રાયચંદભાઈ જીવાણી તથા ભુપેન્દ્ર ડાઘા હતા.


શુભેચ્છાઓ સહ...
સાંઘવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies


## ''મોમાઈ માતાજી સાંયરા'' ની સમુહ પહેડી

ભોઈમા જયાબેન તથા ભુવા શ્રી દિનેશભાઈના માર્ગદર્શનમાં શ્રી મોમાઈ માતાજી (સાંયરા) ની પાંચમી સમુહ પહેડી મુંબઈમાં શ્રી કપોળવાડી-ઘાટકોપર મધ્યે સંવત ૨૦૭૧ ને વૈશાખ સુદ ૮ ને રવિવાર તા. ૨૬/૦૪/૨૦૧૫ ના રોજ લાભાર્થી દાતા માતુશ્રી નિર્મલાબેન વાલજી મુલજી મોમાયા (બારોઈ) સૈદાપુરવાળા પરિવારના યોગદાનથી લગભગ ૫૦૦ થી પણ વધુ ભાવિકો, નિયાણી બહેનો એવમ આમંત્રિત મહેમાનોની હાજરીમાં ઉજવાયેલ. મનોજ કારાણી એન્ડ પાર્ટીએ સુમધુર ગીતોથી, સાથે ગરબા-રાસની રમઝટ બોલાવી. આજ રોજ સાંયરામાં પણ પહેડી પ્રસાદ કરવામાં આવેલ.

### ચર્ચાના ચોતરે – ભાંડુપના સંયમીઓ

પ્રકાશ સમીક્ષાનાં અંક ૧૮ માં ભાંડુપ આદીનાથ દાદાના દરબારે અચલગચ્છ શ્રી સંઘના ૪૭ સંયમીઓની યાદી જોઈ ખરેખર આનંદ થયો.

પ્રકાશ સમીક્ષાની સાપ્તાહિક માહિતી ઉપરાંત કંઈક નવીન જાણવા મળ્યું. જ્ઞાતિજનો માટે આવા પ્રયત્નો કરતા રહેજો. પ્રયત્ન પ્રશંક્ષાને પાત્રે છે.

**કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ**

### શબ્દાનંદ નો ઉકેલ (જુઓ પાનું ૨૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | નં | જ | ય | | બો | લા | ચા | લી | |
| વ | દ | ન | | પ્ર | | મા | દા | | બે |
| | કિ | ર | પા | ણ | | | ન | ફ્ફ | ટ |
| ન | શો | | રં | | મી | ના | | | |
| વા | ર | સા | ગ | ત | | માં | ક | ડ | |
| જે | બ | ક | ત | રા | | કિ | ર | મ | જ |
| શ | કો | | | ઈ | ગ | ત | પુ | રી | |
| | ર | ખા | ત | | દ | | | ઉ | ષા |
| શ | | ત | ર | બ | ત | ર | | ડ | કો |
| ક | સ | ર | ત | ક | ર | વી | | વી | |


શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

# જીવનચક્ર

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧.૪.૧૫ | કોચીન | **વિરાજ** | ઉર્વિશા નિરજ પ્રવિણ લોડાયા | નલીયા | પુત્ર |
| ૧૧.૫.૧૫ | ભાંડુપ | **જૈનીશા** | જીયા પ્રશાંત વીરચંદ મોમાયા | મો. સિંધોડી | પુત્રી |
| ૨૦.૫.૧૫ | કાંજુરમાર્ગ | **રેયાંશ** | પ્રશાંત પ્રતાપ પીર લોડાયા | - | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦.૨.૧૫ | કોચીન | **પ્રણવ** | મહેન્દ્ર માણેકજી લોડાયા | સાંયરા | ૨૪ |
| | કોચિન | **કૌશાલી** | દિલીપ રતિલાલ નાગડા | નલિયા | ૨૨ |
| ૩૦.૪.૧૫ | ચેમ્બૂર | **પ્રિયંક** | દેવેન્દ્ર કાન્તીલાલ ખોના | સાંધવ | ૨૮ |
| | ચાલીગામ | **પ્રેક્ષા** | જીતેન્દ્ર શીવજી લોડાયા | તેરા | ૨૬ |
| ૧૭.૫.૧૫ | ડોંબિવલી | **ચન્દ્રેશ** | મણીલાલ દેવશી ખોના | મંજલ | ૩૫ |
| | ડોંબિવલી | **કિન્નરી** | રતીલાલ વેલજી લોડાયા | તેરા | ૩૨ |
| ૧૯.૫.૧૫ | ડોંબિવલી | **તેજસ** | જયચંદ ખેતશી ધરમશી | તેરા | ૨૮ |
| | હૈદરાબાદ | **સ્નેહા** | કાન્તીલાલ દામજી મોતા | તેરા | ૨૫ |
| ૨૦.૫.૧૫ | મુલુંડ | **ઉમેશ** | સોમચંદ લખમશી ધરમશી | નાની સિંધોડી | ૩૦ |
| | ભાંડુપ | **રૂપલ** | નરેન્દ્ર હીરાલાલ પોલડીયા | બાયઠ | ૨૯ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯.૪.૧૫ | ઈંદોર | **વિપુલ** | ચંદ્રભાણ પ્રસાદ પટેલ | રતલામ | ૨૯ |
| | ઈંદોર | **એકતા** | મહેન્દ્ર પોલડીયા | બાયઠ | ૨૯ |
| ૧૪.૫.૧૫ | મુંબઈ | **નિર્મલ** | પ્રવીણચંદ કેનીયા | કપાયા | ૨૯ |
| | હુબલી | **ઉજ્વલ** | યશપાલ ત્રીકમજી છેડા | નલીયા | ૨૮ |
| ૧૯.૫.૧૫ | ડોંબિવલી | **જીનેશ** | પંકજ ગોવિંદજી મૈશેરી | સાંધાણ | ૨૯ |
| | દહેરાદુન | **રશ્મી** | રમેશ અમેલ | દહેરાદુન | ૨૬ |
| ૨૧.૫.૧૫ | વડોદરા | **જુબીન** | કિશોર લહેરચંદ લોડાયા | સાંયરા | ૨૬ |
| | વડોદરા | **શીવાંગી** | તુષાર કાન્તીલાલ | સાવરકુંડલા | ૨૪ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦.૪.૧૫ | ડોંબિવલી | **ભવેશ** | પ્રમોદ સોમચંદ ખોના | સુથરી | ૨૯ |
| | અમદાવાદ | **રીકલ** | સોમચંદ ભાણજી મૈશેરી | બાંઢીયા | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧.૪.૧૫ | રાજકોટ | **સુમન** | વિજયકુમાર રાજપુરા | સાવરકુંડલા | ૨૬ |
| | આદિપૂર | **ઊર્વી** | લિખેશ મોમાયા | વરાડીયા | ૨૬ |
| ૧૦.૫.૧૫ | મુલુંડ | **ચીંતન** | મણીલાલ જેઠાભાઈ સોની | સુથરી | ૨૭ |
| | પવઈ | **રંજન** | દશરથલાલ પાંચાલ | પાલનપૂર | ૨૬ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫.૫.૧૫ | અમદાબાદ | **નીલમ** | ગીરીશ રસિકલાલ ધરમશી | મોટી ખાવડી | ૫૯ |
| ૧૧.૫.૧૫ | ડોંબિવલી | **ભારતી** | મેઘજી ખીમજી ખોના | ગોરખડી | ૫૮ |
| ૧૧.૫.૧૫ | ઈંદોર | **ભચીબાઈ** | હિરજી દંડ | પરજાઉ | ૮૫ |
| ૧૫.૫.૧૫ | ભૂજ | ચેતના | કાન્તીલાલ જેવત નાગડા | મોટી વરંડી | ૫૪ |
| ૧૫.૫.૧૫ | પારોલા | **નવલબેન** | દિલિપ પોલડીયા | બાયઠ | ૪૬ |
| ૧૬.૫.૧૫ | - | મણીબાઈ | ખેતશી લધાભાઈ મોમાયા | સાંયરા | ૯૫ |
| ૧૯.૫.૧૫ | બેંગલોર | ભરત | મણિલાલ પદમશી લોડાયા (માલાણી) | સાંયરા | ૫૯ |
| ૨૧.૫.૧૫ | ચેન્નઈ | વિજય | ભવાનજી ગોશર | બારોઈ | ૬૩ |
| ૨૨.૫.૧૫ | પુના | વિજયાબેન | દેવજી શાહ | રંગપુર | ૮૫ |

## શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા અનંતછાયા જિનાલય ખાતે ગુરૂવાર, તા. ૩૦/૪/૨૦૧૫ના અઢાર અભિષેકનું આયોજન

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા ઘાટકોપર પૂર્વના અનંતછાયા જિનાલય મધે ગુરૂવાર, તા. ૩૦/૪/૨૦૧૫ ના પ.પૂ. રત્નરેખાશ્રીજી મ.સા. તથા પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા તેમજ યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં અઢાર અભિષેકનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે પ.પૂ. જયદર્શિતાશ્રીજીની પ્રેરક ઉપસ્થિતિથી પ્રસંગ દીપી ઉઠ્યો હતો.

વિધિકાર મૌલિક શાહ અને સાથીઓએ ભાવપૂર્વક અઢાર અભિષેકની વિધિઓ સંપન્ન કરાવી હતી. સ્થાનિક વ્યવસ્થા જી.વી.સી. સંઘે સંભાળી હતી. આ પ્રસંગે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ ચીમનભાઈ મોતા, અરિહંત બેંકના વાઈસ ચેરમેન શ્રી કલ્યાણજી ભાઈ છેડા, શ્રી હરીશભાઈ ધરમશી, શ્રી હીરાચંદ જીવાણી સહિત ઘણા મહાનુભાવો ઉપસ્થિત હતા.

## શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા ઍપ્ટીટ્યુડ ટેસ્ટનું આયોજન તાઃ ૧૭.૫.૨૦૧૫

શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા તાઃ ૧૭.૫.૨૦૧૫ મોતી પચાણ સ્કૂલ (મુલુન્ડ ખાતે) જ્ઞાતિના વિદ્યાર્થીઓ કારકિર્દીના યોગ્ય પસંદગી કરી શકે તે માટે ઍપ્ટીટ્યુટ ટેસ્ટનું આયોજન કર્યું હતું. ૧૧૯ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ આ સુવિધાનો લાભ લીધો હતો. મુંબઈ તથા બહારગામથી પણ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પધારેલ.

દિપ પ્રાગટ્ય શ્રી મણીકાન્ત હિરજી ધુલ્લા (જખૌ-મુલુન્ડ), ભાવિકાબેન લાડ (હેફા)એ વિદ્યાર્થીઓને કારકિર્દીના વિકલ્પોનો ખ્યાલ આપ્યો હતો.

આભારી શ્રી મણીકાન્ત ધુલ્લા, એસએમપીઆર સ્કુલના ટ્રસ્ટીગણો, ભાવતા ભોજન પીરસનાર ફાઈ સ્ટાર કેટરર્સ

એજ્યુકેશન સમિતિ વતી જતીન **અરૂણ ધરમશી** (કન્વીનીયર)

### મહારાષ્ટ્રના ટુર ઓપરેટરો વતી કાશ્મીરના મુખ્ય પ્રધાનને મળી ચિમન મોતાએ સારી સુવિધા માંગી.



સમસ્ત ક.દ.ઓ. મહાજનના સેક્રેટરી જનરલ ચિમન મોતા મહારાષ્ટ્રના ટુર ઓપરેટરોના સંઘઠનના સેક્રેટરી છે. સંસ્થા વતી કાશ્મીરના મુખ્ય પ્રધાનને તેમને યોજેલા ટુરીઝમ કાર્યક્રમમાં મળી ચિમન મોતાએ કાશ્મીરના યાત્રિકો અને ટુર ઓપટરો માટે સારી સુવિધા માંગતુ આવેદન પત્ર સુપ્રત કર્યું હતું.

### **શ્રી મહાવીર જૈન વિદ્યાલય** આયોજિત જૈન સાહિત્ય સમારોહ

મહાવીર જૈન વિદ્યાલય તરફથી દર બે વર્ષે યોજાતા જૈન સાહિત્ય સમારોહની ૨૩મી શ્રેણી ફેબ્રુઆરી ૨૦૧૫ માં સંપન્ન થશે. આ સમારોહમાં જૈન સાહિત્યના વિદ્યા ઉપાસકો મોટી સંખ્યામાં હાજર રહે છે અને પોતાના શોધ નિબંધો (થેઅરીસ) પ્રસ્તુત કરે છે. આ આગામી સમારોહમાં શોધ નિબંધો માટે ચાર વિષયો નક્કી થયા છેઃ ૧) જૈન આગમ સાહિત્ય વિશેનું સાહિત્ય, ૨) જૈન તીર્થ સાહિત્ય, ૩) બાર ભાવના અને ચાર પરભાવના અને ૪) જૈન સજ્ઝાઈ-દીર્ઘ એક અથવા નાની પાંચ, સ્થળ અને તારીખ એ પછી નક્કી થશે.

**નયા / બદલાવેલા સરનામા - (પુરું નામ અને નવું સરનામુ મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **હરીશ કાંતીલાલ ખોના** | એ-૧૧૦૨, ઉજ્જવલા રેસીડન્સી, બિલ્ડીંગ નં. ૯૦, આર.એસ. મણી સુપર માર્કેટ સામે, તિલક નગર, ચેમ્બૂર, મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો. 93242 56578 |
| **ભારતી જૈન** | ૧૮૦૧-સી, ૧૮મો માળો, જુનીપેર, સલારપુરીયા ગ્રીનેજ, હોસુર રોડ, બેંગલોર - ૫૬૦ ૦૬૮. મો. 97410 15297 |
| **જય મહેન્દ્ર શાહ (જીવાણી)** | અનંત આનંદ, બી-૯, નેશ. સ્કુલની સામે, નીમકર સોસાયટી પાસે, સ્વપ્ન નગરી, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **દિનેશ હિરજીભાઈ શાહ** | શાહ કુટીર, ૭૯-બી, વૈભવ નગર, શર્મા સ્વીટની સામે, દૂર્ગામાતા મંદીર પાસે, કનાડીયા રોડ, બેંગાલી સ્કવેર, ઈંદોર (MP). મો. 94250 56209 |
| **મીત સતીશ લુઠીયા** | ૧૦૪, રેડીયન્સ બ્લોક ૨૦, સનસીટ એપાર્ટમેન્ટસ, સરજાપૂર, ORR જન્કશન, બેલાન્દૂર, બેંગલોર - ૫૬૦ ૧૦૨. મો. 99860 81028 |

# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈદ્વારા આયોજીત અનંતછાયા જિનાલયે અઢાર અભિષેક



અઢાર અભિષેકમાં પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા



આરતી ના લાભાર્થી માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર સાથે અન્ય ભાવિકો



સુરજ અને ચંદ્રના લાભાર્થી પરિવાર : માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવારને માતુશ્રી માધુરીબેન મણીલાલ મોમાયા પરિવાર સાથે અન્ય ભાવિકો



અભિષેક પુજા માટે ઉપસ્થિત જીવીસી સંઘ ના પદાધિકારીઓ, દેરાસરના ટ્રસ્ટીઓ તથા અન્ય (શ્રી શૈલેશભાઈ, ભરતભાઈ, કિરીટભાઈ, હિરેનભાઈ, નિલેશભાઈ, કમલેશભાઈ, ચેતનભાઈ, સમીરભાઈ, રાજુભાઈ)



પુજામાં મગ્ન શ્રાવિકા વર્ગ



પુજા ઉપસ્થિત ટ્રસ્ટીઓ અન્ય મહાનુભવો

# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈદ્વારા આયોજીત વિદ્યાર્થીઓ માટે એપ્ટીટ્યુડ ટેસ્ટ



દીપ પ્રાગટ્ય કરતા પ્રમુખશ્રી કલ્પેશભાઈ, શેઠશ્રી મણિકાંતભાઈ, શ્રી ડોલરભાઈ



રજીસ્ટ્રેશન સેલ



વિદ્યાર્થીગણ સાથે પરીક્ષકની ભૂમિકા બજાવતા જલ્પાબેન લોડાયા



વિદ્યાર્થીગણ સાથે પરીક્ષકની ભૂમિકા બજાવતા કિન્નરીબેન ધરમશી



એપ્ટીટુટ સ્ટેટને યશસ્વી કરતી ટીમ



પ્રમુખશ્રી, બહારગામથી પધારેલ વિદ્યાર્થીઓના વાલીઓ સાથે



શ્રી મણિકાંતભાઈ નું સ્વાગત કરતા પ્રમુખશ્રી



ટેસ્ટના માર્ગદર્શક શ્રીમતી ભાવિકાબેન હેફા-લાડ નું સ્વાગત કરતા પ્રમુખશ્રી



પ્રમુખશ્રી કલ્પેશભાઈ, ઉપપ્રમુખ શ્રી લેરીનભાઈ તથા શ્રેષ્ઠી શ્રી મણિકાંતભાઈ શિક્ષણ વિષયે ચર્ચા કરતા

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

નવી ડોંબિવલીમાં
૧ બીએચકે ફ્લેટ બુક કરો
ફક્ત ૫૦,૦૦૦ *માં

# જૈનો માટે આકર્ષક ઓફર

ફેઝ-Iમાં ૩૦ મે ૨૦૧૫ સુધી

## ૧,૨૫,૦૦૦ની છૂટ !

### કનેક્ટિવિટી

દિવા સ્ટેશનથી ૨.૫ કિમી
શિલફાટાથી ૪.૫ કિમી
મહાપે ૧૦ કિમી

### અફોર્ડેબિલિટી

૧૦:૮૦:૧૦ સ્કીમ
હમણાં રૂ.૨.૯૯ લાખ ચૂકવો અને
બાકીના ૨૦૧૬માં કબજો લેતી વખતે
બુકિંગ રકમ ફક્ત રૂ. ૫૧,૦૦૦
અને બાકીના રૂ. ૨.૪૮ લાખ
૧૫ દિવસમાં ચૂકવો
૧ બીએચકેનો એરિયા ૬૨૮ ચો.ફૂ.

### લાઇફસ્ટાઇલ

૧૫ માળનો અત્યાધુનિક ટાવર
૧૦,૦૦૦ ચો.ફૂ.નો લૅન્ડસ્કૅપ ગાર્ડન
સ્વિમિંગ પૂલ અને ક્લબ હાઉસ

કોમ્પ્લેક્સમાં સુંદર દેરાસર
ઊભું કરવાનું પ્રસ્તાવિત છે.





AND

AGASAN
તમારું સપનાનું ઘર
www.anddevelopers.in

મહાનગરના હાર્દમાં અ ૧૧વેલી લીલીછમ ધરતી પર AND AGASAN એક એવી જગ્યા છે કે જ્યાં તમારા ઘરનું સપનું સાકાર થશે અને તમન ૨ ૧ળશે ઘર, મોકળાશ, સુખ-સુવિધા અને સલામતી. આ પરિસર માત્ર રહેવાના એક સ્થળનું સર્જન નથી કરતો પરંતુ સ્વ ૧૧ એક જીવનનું સર્જન કરે છે. આ પરીકથા કોઇ સપનું નથી. આ તો એક હકીકત છે.
**સાઇટનું સરનામું:** AND AGASAN, સદ્‌ગુરુ કૃપા હૉલન ૨ બાજુમાં, અગાસન રેલવે ક્રૉસિંગની પાસે, અગાસન, દિવા (પૂ), થાણે - ૪૦૦ ૬૧૨. **Email: info@anddevelopers.in**

કૉલ કરો - **82 86 86 86 86**
**88 79 80 80 81**

શિલફાટાથી
માત્ર ૪.૫
કિમીના અંતરે

*શરતો લાગુ
*Possession in January 2016

દિવા સ્ટેશનથી સાઇટ ી મુલાકાત માટે પિક-અપ અને ડ્રૉપની સગવડ.

AND અનંતનાથ ડેવલપર્સનો એક પ્રોજેક્ટ

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,